સંતવાણી ગ્રંથાવલિ ૨૧

# શ્રી રમણ મહર્ષિ



# શ્રી રમણ મહર્ષિ

## (Shri Raman Maharshi)


સંકલન

શ્રી કેશવલાલ શાસ્ત્રી વેદાંતાચાર્ય, સાહિત્યરત્ન

(રાજકોટ)



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુંનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# શ્રી રમણ મહર્ષિ

ॐ नमः श्री अरुणाचल रमणाय ।

# પ્રથમ બિંદુ

ભારતના અર્વાચીન અવતારી કે સિદ્ધ પુરુષવરોમાં ભગવાન રમણ મહર્ષિ મૂર્ધન્ય સ્થાન ભોગવે છે. કેવળ ભારતવર્ષના જ અધ્યાત્મરસિકો નહીં, સમગ્ર વિશ્વના પોલ બ્રન્ટન, હમ્ફ્રીસ, મેડમ જોઈસ હિડિંગ, મોન્સ્યે લાકોમ્બે વગેરે અનેકાનેક અધ્યાત્મચિંતકોએ આ રમણચરિત અને રમણવાણી જાણ્યાં-માણ્યાં છે. મહર્ષિના સમકાલીન અને તે વખતના પેરિસના રામકૃષ્ણ મઠના અધિષ્ઠાતા, પ્રખર વેદાન્તી સ્વામી શ્રી સિદ્ધેશ્વરાનંદજી વગેરે કેટલાય ભારતીય અધ્યાત્મવિદોએ પણ આ પરમના પરખંદાને પિછાણીને તેમને સર્વાત્માનું સંપૂર્ણ સાર્થક બિરુદ આપ્યું છે.

તામિલનાડુના મદુરાઈથી ઈશાન ખૂણામાં ત્રીસેક માઈલ દૂર તિરુચુગી નામના ગામમાં સને ૧૮૮૯ના ડિસેમ્બર માસની ૩૦મી તારીખે, સોમવારે સવારે એક વાગ્યે આ મહાપુરુષનો આવિર્ભાવ થયો હતો. જન્મસ્થળ નાનકડું ગામડું હતું છતાં શિવક્ષેત્ર-તીર્થક્ષેત્ર હતું. વિખ્યાત નાયનાર મુંદરમૂર્તિએ એ તીર્થનાં સ્તોત્રો રચ્યાં હતાં. સંત માણિકાવરકરે એનો મહિમા ગાયો હતો.

જેમ જન્મસ્થળ પવિત્ર હતું તેમ કુટુંબસંસ્કાર પણ ઉચ્ચ હતા. પિતા સુંદરમ્ આયર ઉદાર, ધાર્મિકવૃત્તિના પરોપકારી જીવ હતા, ગામમાં બિનસનંદી વકીલનો ધંધો કરતા. માતા અાંજહમ્માઈ ઘરરખુ અને ઈશ્વરપરાયણ સન્નારી હતાં. ઘરનો

રોટલો મોટો હતો. કોઈ દિવસ મહેમાન વગરનો ખાલી ન જતો. ઘરનો અડધો ભાગ અતિથિગૃહ તરીકે જ વપરાતો. દ્વિજોચિત પરંપરાનું પાલન થતું.

સ્થળ-કુટુંબના આ માંગલ્ય સાથે રમણજન્મના સમયનું માંગલ્ય ભળ્યું અને સ્થળ-કાળ-કુટુંબની મંગલ ત્રિવેણી વહી રહી. તામિલ વર્ષ પ્રમાથીના મહંઝી માસનો સોળમો દિવસ, પુનર્વસુ નક્ષત્ર એટલે તિરુ વદીરાઈનો પાવન દિન (માર્ગશીર્ષના આર્દ્રાનો મંગલ ઉત્સવ દિન). આ જ દિવસે બ્રહ્મા અને વિષ્ણુની વચ્ચે પુરાણ કાળમાં ભગવાન શિવ-પરમતત્ત્વ-જ્ઞાનાગ્નિ સ્તભંસ્વરૂપે-અરુણાચલરૂપે આવિર્ભૂત થયા હતા !

ભગવાન રમણનું માબાપે દીધેલું નામ વેંકટરામન હતું. માબાપનું એ બીજું સંતાન હતા. મોટા ભાઈનું નામ નાગસ્વામી અને નાના ભાઈનું નામ નાગસુંદર હતું. આલાર મેલુ નામનાં એક બહેન હતાં.

સાંસારિક પદાર્થોની હજુ તો પૂરી પિછાણ પણ થઈ ન હતી ત્યારથી જ શિશુવયની શરૂઆતથી જ વેંકટરામનના હૈયે કોઈક અગમ્ય સ્વયંસ્ફુરણા દ્વારા અરુણાચલની સ્મૃતિ જાગી ઊઠી. એ વખતે અરુણાચલ અને તિરુવણમલ્લૈના અભેદનો ખ્યાલ ન હોવા છતાં અરુણાચલની પરમોચ્ચ અને મહત્તમતાની આંતરિક અનુભૂતિ સર્વદા જાગતી રહેતી. ઘણાં વરસો પછી તેઓ મદુરાઈમાં દસમા ધોરણમાં ભણતા હતા ત્યારે – સને ૧૮૯૫ના નવેમ્બર માસમાં – એક વડીલ સગા પાસેથી તે બંનેનો અભેદ જાણ્યો. 'અરુણાચલનું સ્વયંસ્ફુરિત ચિંતન મોક્ષદાયક છે.' બે દિવ્ય વિધાન, વેંકટરામનની જીવનમુક્ત સ્થિતિની સાખ પૂરે છે.

બાર જ વરસની બાળવયે તેમણે પિતાનું છત્ર ગુમાવ્યું. પિતાના અવસાનના સમાચાર સાંભળીને ડીંડુકલથી તિરુચુગી આવ્યા. પિતાના શબ પાસે રોકકળ થતી જોઈને એમના શિશુહૃદયને નવાઈ લાગી કે, પિતાજી તો અહીં પડ્યા હોવા છતાં આ લોકો એને ચાલ્યા ગયા કેમ માનતા હશે ? કોઈક સમજુ માણસે એમને 'મરણ'નો અર્થ સમજાવ્યો. ચેતન-અચેતનનો ભેદ તેઓ એ વખતે કદાચ અસ્પષ્ટ રીતે સમજ્યા હશે !

૧૮મી ફેબ્રુઆરી, ૧૮૯૨નો એ દિવસ ! વેંકટરામનના દિલમાં જ્ઞાનદીપનો સ્ફુલ્લિંગ પ્રગટી રહ્યો. આત્મજ્ઞાનનું બીજ બાર વરસે આમ વવાયું અને સોળ વરસે શતશત શાખાએ પલ્લવિત થઈ રહ્યું એમ અનુમાની શકાય.

પિતાના મૃત્યુ પછી મોટા ભાઈ નાગસ્વામીની સાથે મદુરાઈમાં કાકા સુબય્યાર સાથે વેંકટરામન રહ્યા અને ત્યાં અમેરિકન મિશન હાઈસ્કૂલમાં અભ્યાસ આગળ વધાર્યો. સ્પષ્ટ, સૂક્ષ્મ બુદ્ધિપ્રતિભા અને સ્મૃતિશક્તિ હોવા છતાં શાળાના ભણતરમાં તેઓ સામાન્ય જ હતા.

તેઓ તો કુસ્તી, ફૂટબૉલ, લાઠીદાવ, તરવાની અને અન્ય એવી પોતાના સશક્ત શરીરને અનુકૂળ બાબતોમાં આગળ પડતા રહ્યા. એ દિવસોમાં અવારનવાર મિત્રો સાથે મંદિર જઈ સીધીસાદી સ્તુતિપ્રાર્થના કરવાની એમને ટેવ હતી. અરુણાચલ અને તિરુવણમલ્લૈનો અભેદ જાણ્યા પછી એક દિવસે એમણે પેરીય પુરાણનો ગદ્યાનુવાદ વાંચ્યો. ત્રેસઠ નયનારોના દિવ્ય જીવનનો પરિચય વાંચતાં જ હૈયામાં શિવપ્રેમની જ્વાલા ઝગી ઊઠી. શિવપ્રાપ્તિની તીવ્રતમ લાગણી પ્રગટી ઊઠી. આત્માની

ઓળખનું ખેતર આમ ખેડાઈ તૈયાર થવા લાગ્યું. ત્યાં જ ૧૮૯૬ના જુલાઈ માસના મધ્યમાં એક દિવસે સીડી ઉપરના એક નાનકડા ઓરડામાં સ્વસ્થતાપૂર્વક બેઠાં બેઠાં જ કોણ જાણે ક્યાંથી તેમના મનમાં મરણનો મોટો ભય જન્મ્યો! શીઘ્રપ્રાપ્ત એ મરણાનુભવ કાલ્પનિક-ઉપરછલ્લો જ નહીં, એમને તો એ સો ટકા સાચો જણાયો. પણ એનાથી એ ક્ષુબ્ધ ન થયા. કોઈને એ વાતનો ઈશારોય આપ્યા વગર એ સ્વયંપ્રાપ્ત મોતનું વીરોચિત સ્વાગત-નિરીક્ષણ-પરીક્ષણ કર્યું. પોતાને માટે એનું પરિણામ સ્વીકારવાનું સાહસ કર્યું. હાથપગ પસારી, આંખો બંધ કરી, વાણી અને શ્વાસ થંભાવીને તેઓ અંતર્મુખ બની ગયા અને નિશ્ચય કર્યો: ''ભલે આવ્યું મોત! મોત શું છે? કોને એ આવે છે? મને? હું કોણ? શરીર મરે છે. ભલે મરે!'' ભીતર એમને અનુભૂતિ થઈ. ''શરીર મરી ગયું છે, હવે સ્મશાનમાં લઈ જઈ એને બાળી નાખશે. એની રાખ થશે, પણ શું હું નાશ પામીશ? શું હું શરીર છું? શરીર મડદું બની ચૂક્યું છે, પણ મૃત્યુથી અસ્પૃષ્ટ હું હાજરાહજૂર પ્રકાશિત જ છું! તેથી શરીર 'હું નથી'. 'હું' એનાથી જુદો અવિનાશી આત્મા છું. નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્ત સ્વરૂપ આત્મા જ હું પરમાર્થરૂપ છું. શરીર અને જગત વિનાશી છે પણ શરીરથી પર સનાતન પરમ વાસ્તવ જ 'હું' છું.''

પરમની આ પરખ તેમને સહજાનુભૂતિરૂપ થઈ. હસ્તામલકવત્ અનાયાસસિદ્ધ અને સ્પષ્ટતર રીતે જ એ થઈ. હવે મૃત્યુભયનો લેશ પણ વિલાઈ ગયો, આવાગમન ટળી ગયું. બસ, આ પછી સ્થળકાળનિરપેક્ષ આ જ્ઞાનજાગરણ

'સહજસમાધિ' રૂપે શાશ્વતકાળ સુધી તેમના જીવનમાં ઝગમગાટ પાથરી રહ્યું.

કશીય સાધના વગરના તેમના આ સહજજ્ઞાનમાં સામાન્ય જનને સ્વાભાવિક રીતે જ સંદેહ થવા સંભવ છે. એટલે કેટલાય લોકોએ તેમની સાધનાવસ્થા કલ્પી કાઢી અને લખી પણ ખરી. તિરુવણમલ્લૈમાં તેમની અતિ કઠોર તપશ્ચર્યા કલ્પી લેવાઈ. પણ ભગવાન શ્રી રમણે સ્વયં જ છેલ્લે આ લોકવાયકાને સ્પષ્ટ રીતે નકારી હતી. ''મદુરાઈમાં ઊગેલો સૂર્ય જ તિરુવણમલ્લૈમાં પ્રકાશી રહ્યો છે'' – ''મારામાં કશું ઉમેરાયું છે કે દૂર થયું નથી'' વગેરે એમનાં વિધાનો એનાં પ્રમાણ છે. ૧૯૪૬ના ઑક્ટોબરની ચોથી તારીખે પ્રો. ડી. એસ. શર્મા નામના ભક્તે એ બાબતમાં પૂછેલા પ્રશ્નના જવાબમાં તેમણે આ બાબત વિસ્તારથી કહી છે. આમ, દેવ કે માનવરૂપ કોઈ બાહ્ય ગુરુ વગર, ચિરકાલીન આંતરિક આધ્યાત્મિક સાધના વગર, કશાય તપમારણ વગર તેમને શિવજ્ઞાનનો પરમનિધિ પલકમાં પ્રાપ્ત થઈ ગયો. પેલા મૃત્યુબંધે તેમનામાં શક્તિસંચાર કરીને ધક્કો મારી દીધો હતો. શાળાજીવનમાં જ સોળ વરસના વેંકટરામનનું જીવન ઝળાંઝળાં થઈ ગયું, પરમના પ્રકાશનું પ્રભાત પ્રગટી ઊઠ્યું અને અંત સુધી અકબંધ જળવાઈ રહ્યું. પરમ લક્ષ્યની આ સહજપ્રાપ્તિ અવતારી પુરુષનું જ લક્ષણ છે.

રામ અને કૃષ્ણ જેવા અવતારી પુરુષોત્તમોએ જ્ઞાનપ્રાપ્તિના નિમિત્તરૂપે ગુરુ સ્વીકાર્યા હતા. ભગવાન બુદ્ધે પણ સાચાખોટા ગુરુને નિમિત્ત તો બનાવ્યા હતા. વળી તેમણે ઘોર તપશ્ચરણ પણ કર્યું હતું પણ ભગવાન રમણ તો ગુરુ કે તપશ્ચરણના કશા

નિમિત્ત વગર સ્વયંસિદ્ધ દક્ષિણામૂર્તિની પેઠે જ જગદ્‌ગુરુ બની બિરાજી રહ્યા.

આત્મજ્ઞાનની આ અસંદિગ્ધ અનુભૂતિએ રમણજીવનમાં અવર્ણનીય, અભિનવ અને આશ્ચર્યકારક રૂપાંતર લાવી દીધું. પોતે દેહાતીત અમર પૂર્ણ પરમતત્ત્વ છે એવી અપરોક્ષાનુભૂતિ તેમને થઈ ગઈ. જનસાધારણની જીવનઘરેડમાં તેમનું જીવન હવે બંધબેસતું ન થઈ શક્યું. એટલે હવે તો સામાન્યજનથી અગમ્ય બનેલા તેમણે પોતાનો પંથ એકાકી બનીને જ કાપવાનો હતો.

શું શાળાપાઠોમાં, શું રમતગમતમાં, કે શું સગાંવહાલાં અને મિત્રોના સ્નેહમાં કે પછી શું ખાવાપીવામાં, તેમનો રહ્યોસહ્યો રસ પણ હવે સાવ ઓગળી ગયો ! તેઓ એ બધું હજુ કરતા તો હતા પણ કેવળ લોકપ્રીત્યર્થે ! ક્યાં તેમનો પહેલાંનો હક માટે લડી લેવાનો અને ક્રોધ કરવાનો સ્વભાવ અને ક્યાં કશીય પ્રતિભા વગરનું અત્યારનું ઔદાસીન્ય ! હવે તો ક્ષમા અને મધુર હાસ્ય જ ચહેરામાં અંકિત !

આત્માની ઓળખને પરિણામે પ્રેમ, અહિંસા, ધૈર્ય, દયા, ક્ષમા, ઇંદ્રિયસંયમ, નમ્રતા, અભય વગેરે દિવ્ય ગુણો તેમનામાં પૂર્ણપણે સહજ નિવાસ કરી રહ્યા.

જેમ સ્વપ્નમાંથી જાગેલાને સ્વપ્ન મિથ્યા લાગે તેમ વેંકટરામનને આ જગતજીવન નિરર્થક લાગ્યું એટલે એકાંત જ એમને અવારનવાર આત્માનુભૂતિનો આનંદ આપવા લાગ્યું. બસ, હવે પૂર્વના વેંકટરામન ભગવાન રમણમાં પલટાઈ ચૂક્યા હતા.

જોકે આનો પૂર્વસંકેત તો બાર વરસની બાળવયમાં જ

બિંદુક્કલમાં ભણતા તે સમયે વેંકટરામને આપી દીધો હતો ! એક-વખત સગાંસંબંધીઓ બહાર ગયાં હતાં ત્યારે અંદરથી બારણાં બંધ કરીને તેઓ એક ઓરડામાં સૂઈ રહ્યા. સગાંસંબંધીઓ પાછાં આવ્યાં, તેમણે બારણાં ખૂબ ખટખટાવ્યાં, તેમને જોરશોરથી બોલાવ્યા પણ કાંઈ ન વળ્યું. ત્યારે બીજે માર્ગેથી ઘરમાં પ્રવેશી તેમને હલાવ્યા, ઊથલાવ્યા, માર્યા, છતાંય તેઓ ન જાગ્યા. થોડા વખત પછી પોતાની મેળે જાગ્યા ! એ વિશે એમણે પાછળથી કહ્યું હતુંઃ ''જે કંઈ કર્યું – છોડ્યું એનું પરિણામ કદાચ ફરી વાર મળ્યું.'' આ આત્મસમાધિની દશાનો સંકેત ત્યારે સ્વાભાવિક રીતે જ લોકો સમજ્યા ન હતા.

## દ્વિતીય બિંદુ

હવે તેમનામાં વરતાતી શાળાજીવનની શિથિલતા જોઈને તેમના શિક્ષકે તેમને સજા કરવાનું શરૂ કર્યું. મોટા ભાઈ નાગસ્વામી પણ નારાજ થયા. તેઓ તેમની આત્મનિષ્ઠાની અવહેલના કરવા લાગ્યા. 'મહાત્મા' અને 'યોગેશ્વર' જેવી કટાક્ષવાણીથી થતી આ વગોવણી, પરમને પામેલ અવિચલિત વેંકટરામનને સ્પર્શી શકી નહીં.

એક વખત અંગ્રેજી વ્યાકરણનો પાઠ તૈયાર ન કરવાને લીધે તેમના શિક્ષકે તેમને એ પાઠ ત્રણ વાર લખી લાવવાની સજા કરી. બીજે દિવસે શનિવાર હતો (૨૯ ઑગસ્ટ, ૧૮૯૬). બે વાર લખાણ લખ્યા પછી તેમને નિરર્થક શાળાકાર્ય પર ઘૃણા છૂટી, પેન્સિલ-નોટ ફેંકી દીધાં. આંખ બંધ કરી આત્મમગ્ન

બની ગયા. પાસે જ બેઠેલા નાગસ્વામીએ દુ:ખી થઈને તેમને દયા-ક્રોધમિશ્રિત ઠપકો આપ્યો. સામાન્ય રીતે ઉદાસીન રહેતા હોવા છતાં કોણ જાણે કેમ પણ આ ઠપકો મનમાં બેસી ગયો કે મોટા ભાઈ સાચું જ કહે છે. મારે માટે આ બધું નિષ્પ્રયોજન જ છે. એમણે તો આમ ગૃહત્યાગનો નિશ્ચય કરી લીધો. તે જ ક્ષણે અરુણાચલની સ્મૃતિ જાગી ઊઠી. અરુણાચલ એકમાત્ર ગમ્ય સ્થળ છે, એવો તેમણે નિશ્ચય કરી લીધો અને તરત જ ઊઠી ચાલ્યા જતા હતા ત્યાં નાગસ્વામીએ કાકી પાસેથી પાંચ રૂપિયા લઈને તેમને કૉલેજની ફી ભરી આવવા કહ્યું.

તેમણે મદ્રાસનો નકશો તપાસ્યો, પણ એ જૂનો હતો એટલે એમાં વિલુપુરમથી કાટિવાડીની રેલવેલાઈન બતાવી ન હતી અને તિરુવણમલ્લૈ એ લાઇન વચ્ચે જ આવેલું હતું! એટલે તિરુવણમલ્લૈ જવા માટે સૌથી નજીકનું સ્ટેશન ડીંડીપન હશે, એમ ધારીને કાકીએ આપેલ પાંચ રૂપિયામાંથી ફક્ત ત્રણ રૂપિયા રાખી લઈ બાકીના બે રૂપિયા સાથે ઉતાવળે એક ચિઠ્ઠી લખી રાખી દીધી. ચિઠ્ઠીના શબ્દો આ હતા:

''હું...

''મારા પિતાની શોધમાં તેમના જ આદેશથી આ સ્થાન છોડીને જઈ રહ્યો છું. આ કેવળ કલ્યાણકર હેતુ માટે જ છે, એથી આ કાર્ય માટે કોઈએ શોક કરવો યોગ્ય નથી. આને અનુલક્ષીને ધનનો ખર્ચ કરવાની પણ જરૂર નથી.

તમારી ફી હજુ સુધી ભરી નથી. બાકીના બે રૂપિયા આ સાથે રાખ્યા છે.

બસ...''

વેંકટરામનની મનઃસ્થિતિ પર આ પત્ર સ્પષ્ટ પ્રકાશ પાડે છે. સોળ વરસની વયમાં તેમને થયેલ પૂર્ણ જ્ઞાનનું આ પ્રમાણ છે.

શ્રી રમણ મદુરાઈ રેલવેસ્ટેશને પહોંચ્યા. મદુરાઈથી તિરુવણમલ્લૈ જવાનું રેલવે નૂર તેમણે ધાર્યા પ્રમાણેનું - તેમણે રાખેલા ત્રણ રૂપિયાનું જ થતું હતું. પણ ટ્રેનમાં જ તિરુવણમલ્લૈ સુધી આખે રસ્તે જઈ શકાય છે, એવી એમને ખબર ન હોવાથી ડીંડીપન સુધીની ટિકિટ લઈ ગાડીમાં બેઠા. મુસાફરી દરમિયાન એક મુસલમાન ફકીરનો તેમને ભેટો થયો. વાતચીત થતાં તેમણે કહ્યું કે, તિરુવણમલ્લૈ જવા માટે વિલ્લુપુરમ્ સ્ટેશને ગાડી બદલવી પડે છે. આથી પોતાની પાસે બાકી રહેલ પૈસામાંથી પમ્બાઝાપટ સુધી જ પહોંચાય તેમ હતું. તેઓ તો ત્યાં ઊતરી પડ્યા અને પગપાળા જ અરુણાચલની દિશામાં દસ માઈલ સુધી ચાલતા રહ્યા! અરૈયાની નાલુરના મંદિરે તિરુક્કોટિલુરની નજીકમાં પહોંચ્યા. ત્યાં કોઈ રીતે રાત ગાળવાની અનુમતિ ન મળતાં પૂજારી સાથે કિઝૂરના વિરાટેશ્વર મંદિર તરફ આગળ ધપ્યા. ભૂખતરસે પીડિત શ્રી રમણે પૂજારી પાસે, પૂજા કર્યા પછી થોડો પ્રસાદ માગ્યો, પણ પૂજારીએ નન્નો સુણાવ્યો! મંદિરનાં વાજાં વગાડનારને દયા આવી અને પોતાના ભાગનો પ્રસાદ શ્રી રમણને આપી દેવા તેણે પૂજારીને કહ્યું. થોડો પ્રસાદ ખાઈને શ્રી રમણે આસપાસમાં રાત ગાળી. બીજે દિવસે કૃષ્ણ-જન્માષ્ટમી હતી. તે દિવસે તેઓ મુથ્થુકૃષ્ણ ભાગવતારને ઘેર આવી પહોંચ્યા. ત્યાં થોડું ખાધું. પોતાના કાનમાં પહેરેલાં સોનાનાં બૂટિયાં ભાગવતારને આપીને તેમણે તેની પાસેથી ચાર રૂપિયા લીધા. આ રકમમાંથી તિરુવણમલ્લૈની રેલવે ટિકિટ

ખરીદીને ૧લી સપ્ટેમ્બર, ૧૮૯૬ના રોજ વહેલી સવારે તેઓ આખરે શિશુવયથી જ અભીપ્સિત અરુણાચલ સુધી આવી પહોંચ્યા. તેઓએ તો સાહજિક રીતે જ શ્રી અરુણાચલેશ્વરના નિજમંદિરમાં પ્રવેશીને સંપૂર્ણ સ્વાર્પણ કરી દીધું ! એ વખતે મંદિરનાં બારણાં ખૂલી ચૂક્યાં હતાં, અને કોઈ હાજર ન હતું. તેથી શ્રી રમણ અંદર પ્રવેશીને અરુણાચલના લિંગને આલિંગન દઈ રહ્યા ! તત્ક્ષણ એમના શરીરની ગરમી ચાલી ગઈ ! દેહ-આત્મા શીત-શાન્ત ! બસ, આત્મયાત્રાનો અંત આવી ગયો ! જીવનસરિતા પરમાનંદ સાગરમાં ભળી ચૂકી ! હૈયું જ્ઞાનનિધિ સભર થઈ રહ્યું ! વાણી-વિચાર-કર્મનું કોઈ સ્વાતંત્ર્ય હવે તેમનું ન રહ્યું. બધું જ અરુણાચલાર્પિત ! તેઓ કર્તૃત્વ બુદ્ધિરહિત પરમમુનિ પરમશાન્તિસ્થિત થઈ ગયા. આ વખતે તેમને કોઈક મળ્યું. મળનારે પૂછ્યું: ''સ્વામી, માથું મૂંડાવવું છે ?'' પ્રશ્નને અરુણાચલની ઇચ્છા માનીને તેમણે હા ભણી અને જોતજોતાંમાં તો શ્રી રમણના લાંબા સુંદર તરંગિત વાંકડિયા વાળ ચાલ્યા ગયા ! મુંડિતમસ્તક શ્રી રમણે પોતાના જાતિ સંકેતરૂપ યજ્ઞોપવીત સૂત્રનો પણ ત્યાગ કર્યો. ધોતીમાંથી ટુકડો ફાડી લંગોટી બનાવી પહેરી લીધી. ધોતીનો બાકીનો ભાગ, તે સાથે બાંધેલા પૈસા સહિત ફેંકી દીધો. ભાગવતારને ઘેરથી મળેલ મીઠાઈનું પડીકુંય પાસેના અય્યાનકુમમ્ તળાવમાં ફેંકી દીધું. મુંડન કરાવ્યા પછી સ્નાન પણ ન કર્યું, પાછા ફરતાં મંદિરે પહોંચ્યા પહેલાં જ એકાએક વરસાદ વરસ્યો. અરુણાચલેશ્વરે પોતાના પનોતા દિવ્ય સંતાન પર અવભૃથસ્નાનનો જાણે અભિષેક જ કરી દીધો. તપશ્ચરણી પૂર્ણતા સ્વતઃ થઈ ગઈ.

# તૃતીય બિંદુ

આ મુંડિત મહર્ષિને અજ્ઞાની અને દુષ્ટ માણસો તેમ જ બાળકો 'મૂંગો, પાગલ' વગેરે કહીને અને પાછળ પથ્થરો-કાંકરા ફેંકીને ત્રાસ ગુજારવા લાગ્યા ! જગતના સૌ મહાત્માઓએ તત્કાલીન જનસમાજનું આવું જ અપમાન સહન કર્યું છે ! પણ રમણ તો ઉદાસીન હતા છતાં એવા જનોની નજરથી પોતાને ઓઝલ રાખવા નજીકના 'પાતાલલિંગમ્' નામના ગુણમંદિરમાં પ્રવેશ્યા. ભલભલાની ધોળે દિવસે પણ એ તપોમય ગુફામાં આવવાની મજાલ ન હતી. રમણ તો ત્યાં સમાધિસ્થ થઈ રહ્યા. લિંગ પાછળના ખૂણામાં ખાધાપીધા વગર કેટલાય દિવસ સુધી એકધારી સમાધિ રહી. બાહ્યભાન ન રહ્યું. બ્રહ્માનંદમાં નિમગ્ન રહ્યા.

ગુફાની ભેજવાળી ધરતીની ઊભરાતી કીડીઓ, માખીઓ, ઊધઈ તેમ જ મચ્છરો, કાનખજૂરા વગેરે ઝેરી જંતુઓએ તેમના સાથળની નીચેના ભાગને કરડી ખાધો. એનાં ઘારાંમાંથી લોહી ઝરવા લાગ્યું. લોહીના ગઠ્ઠા જામી ગયા. રસી થઈ ગઈ અને એની સાથે નીચેનો કાદવ સેળભેળ થઈ ગયો. આખું શરીર જમીન સાથે ચોંટી ગયું. આ સમાધિ પુરાણકાલીન ઋષિમુનિઓની સમાધિને યાદ કરાવતી હતી.

કેટલાય દિવસ પછી આ બધું લોકોના જાણવામાં આવ્યું. એ વખતે જનસમાજની દષ્ટિએ એક પાગલ ગણાતા શેષાદ્રિ સ્વામી નામના મહાત્મા તિરુવણમલ્લૈમાં રહેતા હતા. કેટલાક ગ્રામવાસીઓ જ તેમને ઉચ્ચ કક્ષાના સંત માનતા. તેમણે

પહેલવહેલી શ્રી રમણની જ્ઞાનમસ્તી પિછાણી લીધી. તેઓ અવારનવાર પાતાલલિંગમ્‌માં જઈને શ્રી રમણને નીરખતા. એક વાર રમણદર્શન કરીને તેઓ બહાર નીકળતા હતા ત્યાં સામે મળેલા વેંકટાચલ મુફાલિયર નામના પોતાના શિષ્યને તેમણે કહ્યું: ''અંદર રહેલ એક નાનકડા સ્વામીને જુઓ.'' ધોળે દિવસે પણ ઘોર અંધારી એ ગુફામાં મુફાલિયરે ફાનસ લઈને કેટલાક બીજા લોકો સાથે પ્રવેશ કર્યો. મુફાલિયરે તેમને બોલાવવા માટે જોરજોરથી પોકારો પાડ્યા. જવાબ ન મળ્યો. મુફાલિયરે તેમનું શરીર ઊંચું કર્યું. જમીન સાથે ચોંટી ગયેલો શરીરનો નીચલો ભાગ માંડ માંડ છૂટો પડ્યો, પણ પેલાં ઘારાં પાછાં તાજાં થઈ ગયાં, ભીંગડાં ઊખડી જવાથી લોહી વહેવા લાગ્યું. આ જોઈને બીધેલા અને નવાઈ પામેલા ભક્તોએ ખૂબ સાવધાનીથી શ્રી રમણને હળવે હળવે નાજુકાઈથી બહાર કાઢીને ગોપુરમ સુબ્રહ્મણ્યમ્ મંદિરમાં બેસાડ્યા. ત્યારે પણ શ્રી રમણ તો દેહભાનવિરહિત અને સમાધિસ્થ જ રહ્યા !

હવે કેટલાક ભક્તો તેમને ઈશ્વરાવતાર સમજીને ભક્તિપૂર્વકની તેમની સેવામાં જોડાયા. ઘણા દિવસે કોઈ વાર તેઓ જ્યારે આંખો ઉઘાડતા, ત્યારે તેઓ તેમને દૂધ, પ્રવાહી ખોરાક કે કેળાં જેવાં ફળો, જેમ સૂતેલા કોઈ બાળકને ખવડાવાય તે રીતે ખવડાવતા. જ્યારે ઘણા દિવસો સુધી તેઓ પોતાની આંખો ન ખોલતા ત્યારે ભક્તો તેમનું મોઢું પરાણે ખોલીને તેમાં પરાણે ખોરાક પ્રવાહી રેડી દેતા !

શ્રી અરુણાચલેશ્વર મંદિરમાં થોડાક માસ રહ્યા પછી શ્રી રમણને એકાંતસેવનની ઇચ્છા થઈ. તેમને પોતાની

આસપાસ થતી દર્શનાર્થીઓની ભીડ ગમતી નહીં, એટલે ૧૮૯૭ના પૂર્વાર્ધથી તેઓ 'ગુરુમૂર્તિમ્' મંદિરની જોડે આવેલી અમરાઈમાં રહેવા લાગ્યા. એકાંત સાધનાના એ સ્થાનમાં તેમણે દોઢેક વરસ સમાધિમાં જ પસાર કર્યું.

## ચતુર્થ બિંદુ

શ્રી રમણે મદુરાઈમાં લખેલી પેલી ચિઠ્ઠી ઘરના લોકોને મળી આવી એટલે મોટા ભાઈ, કાકા, સગાંસંબંધીઓ, માતા આજ-હમ્માઈ વગેરે અનેક સ્થળે શોધખોળ કરવા મંડી પડ્યાં. ઘણા વખતની નિરાશા પછી એક અન્નામલાઈ ટેમ્લીરામ નામના રમણભક્ત અને રમણસેવક દ્વારા ભાળ મળી. મદુરાઈમાં શ્રી ભગવાન જે કાકા સાથે રહેતા, તે કાકા સુબ્બાઈયારનું તો થોડા જ વખત પહેલાં અવસાન થયું હતું (સન ૧૮૯૮, ૧લી મે) પણ સુબ્બાઈયારના નાના ભાઈ નેલૈય્ય આપેમ્મર એકદમ તિરુવણમલ્લૈ જઈ પહોંચ્યા. તેમણે શ્રી રમણને મળી ઘેર પાછા આવવા ખૂબ સમજાવ્યા, પણ બધું વ્યર્થ ! રમણ શાંત જ રહ્યા. એમના નાના કાકા નિરાશ થઈ પાછા વળ્યા.

તેમના નાના કાકાના પ્રયત્નો વ્યર્થ ગયા છતાં, ૧૮૯૮ના ડિસેમ્બર માસમાં તેમનાં માતા તેમને મળવા-સમજાવવા આવી પહોંચ્યાં. તે વખતે શ્રી રમણ પાવાઝકુંડમાં અન્નામલાઈના પૂર્વના ભાગમાં આગળ ઉપર રહેતા હતા. (૧૮૯૮ના સપ્ટેમ્બર માસ સુધી) દીકરાની દયાજનક દશા જોઈને માતાનું હૈયું ખૂબ વેદનામય બની ગયું. એમણે કહ્યું: ''મારા વહાલા દીકરા,

પાછો ઘેર મદુરાઈ આવી જા. તારું કૌપીનનું કપડું અને આ પથ્થરકાંટા વચ્ચે વાસ જોઈને મારાથી સુખસગવડભરી જિંદગી કેમ વિતાવાય ? વૈરાગ્ય આવો ન બતાવ, ક્રૂર ન થા, તારી માનું હૈયું વેદનાથી સળગી રહ્યું છે.'' આમ સમજાવતાં તેમણે ખૂબ વિલાપ કર્યો. નાગસ્વામીએ પણ સમજાવ્યા. પોતાનો ઠપકો સામાન્યરૂપનો જ હતો વગેરે આશ્વાસનના અનેક શબ્દો કહ્યા. પશ્ચાત્તાપ દાખવ્યો, કંઈક મનામણાં કર્યાં; બનતું બધું જ કરી છૂટ્યાં છતાં ભગવાનના ચહેરા પર સ્વીકાર કે અસ્વીકારનું કશું ચિહ્ન વરતાયું નહીં ! માંડ માંડ મહામહેનતે તેમની સાથે દસ દિવસ ગાળ્યા. શ્રી રમણની આવી શાંત, અવિચલ સ્થિતિ અને માતા-સંબંધીઓનું અસહ્ય આક્રન્દ જોઈને કેટલાક ભક્તોએ તેમને પ્રાર્થના કરી: ''સ્વામી, દુ:ખથી બેબાકળાં બનેલાં આપનાં માતાજીને આપનો અભિપ્રાય મોઢેથી નહીં તો છેવટે લખીને તો બતાવો ! ભક્તોએ આપેલ કાગળના ટુકડામાં તેમણે જ આપેલ પેન્સિલથી રમણે લખ્યું: ''દરેક મનુષ્યને પોતપોતાનાં પ્રારબ્ધકર્મો અનુસાર વિધાતા કર્મો કરાવે છે અને જે બનવાનું નથી તે ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ નથી જ બનવાનું; અને જે બનવાનું છે તે ગમે તેટલાં વિઘ્નો આવે તોપણ કદી અટકવાનું નથી. આ બધું અચલ સુનિશ્ચિત છે તેથી શાંત રહેવું એ જ સર્વશ્રેષ્ઠ છે.''

ગમાઅણગમાથી વિનિર્મુક્ત આ અવિચલિત મનની જ્ઞાનસુદઢતા તો પર્વતની અવિચલિતતાને આંબી જાય તેવી હતી.

શ્રી રમણ ભગવાનના આ ઉત્તર આગળ ભક્તો અને માતાના હાથ હેઠા પડ્યા. આજહમ્માઈને દુ:ખથી ઊભરાતા ચિરાયેલ

હૈયે પાછા વળવું પડ્યું.

જે કરુણાપ્લાવિત સિદ્ધ પુરુષની કરુણા માનવપ્રાણી જ નહીં, પશુપક્ષીઓમાં પણ વ્યાપ્ત થતી જગતે જોઈ તે ભગવાન રમણે પોતાની જનેતા તરફ આવું વર્તન કેમ કર્યું હશે ? આ સમસ્યા આપણને અચરજ પમાડે તેવી ઉપરછલ્લે જણાય છે ખરી પણ એમની દિવ્ય કૃપાકરુણા સદાય રહસ્યમય જ હોય છે. 'હું' અને 'મારું'થી ભરાયેલા માતાના હૃદયની આસક્તિને દૂર કરવાની કલ્યાણકામના જ એના મૂળમાં હતી. માતા એ વખતે માનતાં હતાં કે, ''રમણ મારો દીકરો અને હું એની મા - રક્ષણ કરનાર છું;'' મદુરાઈવાળા ઘરમાં પાછા લઈ જવાના મૂળમાં રહેલી આ આસક્તિને પોતાની દિવ્ય કૃપા વડે દૂર કરવાનો આ એક ઉપાય હતો !

શ્રી રમણની આ માતૃઉદ્ધારની પ્રથમ ફરજ પણ હતી ને ! એમણે શાંતિશસ્ત્રથી માતાની અહંગ્રંથિને છેદી નાખી ! આ માતૃત્યાગ ન હતો, માતૃરક્ષણ હતું ! જો એવું ન હોત તો પહેલાં શોકાકુલ બનીને ઘેર વળેલાં માતા, પાછળનાં વર્ષોમાં સર્વત્યાગી બનીને પોતાના દિવ્ય પુત્રની સંપૂર્ણ શરણાગતિ ન જ સ્વીકારી શક્યાં હોત !

એક બીજો પ્રસંગ પણ આ પ્રમાણિત કરે છે. સને ૧૯૧૪ની સાલમાં આજહમ્માઈએ પોતાના પુત્રને જોયો, ત્યારે તેઓ ટાઈફોઈડ તાવના સખત હુમલાનો ભોગ બન્યાં હતાં. એ વખતે ભગવાન શ્રી રમણે ચાર શ્લોકો રચી તે દ્વારા જ્વર શમાવ્યો હતો, અને પૂર્ણ સ્વાસ્થ્ય આવ્યું ત્યારે તેઓ મદુરાઈ પહોંચ્યાં હતાં.

# પંચમ બિંદુ

અરુણાચલ(અન્નામલાઈ)ના પાવન પર્વત પરની વિરૂપાક્ષ ગુફામાં જ્યારથી ભગવાન શ્રી રમણે નિવાસ કર્યો, ત્યારથી-સને ૧૮૯૯ના ફેબ્રુઆરી માસથી-તેમની આસપાસ જ્ઞાનપિપાસુઓની જબરી ભીડ જામવા માંડી. પૂર્ણવિકસિત જ્ઞાનપદ્મસમા રમણ ભગવાનની આસપાસ જામેલી અભીપ્સુ ભક્તભ્રમરોની વણનોતરી ભારી ભીડને ભગવાનનું મૌન જ ઉપદેશમધુ પૂરું પાડી દેતું હતું! એમની શાંતિ અને સંનિધિમાંથી કરુણા ઝરતી. એમની આત્મસૂર્યસમી ઉપસ્થિતિ જ ભક્તોનાં હૃદયકમળોને ખીલવી દેતી. ભક્તો નિ:શંક નિર્મળ થઈ જતા. આમ ફક્ત વીસ જ વરસના યુવાન સદ્ગુરુ ભગવાન રમણ, તેમના કરતાં વયોવૃદ્ધ અને વધુ ભણેલગણેલ ગણાતા શ્રેય:સાધકોના પ્રેરણાસ્રોત બની રહ્યા !

મૌનની વાણી બોલનાર તરુણ ગુરુ અને વૃદ્ધ શિષ્યોનું એ વડની નીચે જામેલું મંડળ લોકોમાં અચરજ ઉત્પન્ન કરતું એની ફલશ્રુતિ પણ નવાઈ ભરેલી ! શિષ્યો છિન્નસંશય - ગતસંદેહ ! અજ્ઞાનતિમિર અદૃશ્ય થઈ જતું. ભગવાન શ્રી રમણની દિવ્ય ઉપસ્થિતિમાં આ આશ્ચર્ય પ્રકાશનું હતું.

''ગુરુનું મૌન વ્યાખ્યાન અને શિષ્યો છિન્નસંશય'' આ વાતમાં અનેકાનેક મુમુક્ષુઓ પાસેથી પ્રમાણો સાંપડે છે. તેમની ''ઉપસ્થિતિથી જ ઉદ્ધાર'' થવાનું આ આનંદપૂર્ણ આશ્ચર્ય છે. મૌન વિશે શ્રી રમણ કહેતા: ''મૌન તો કૃપાની સ્થિતિ છે. એ એક એવી અનન્ય ભાષા છે કે જે ભીતરથી ઊગે છે.... ક્યારેક

મૌન એ એવો ઉપદેશ છે કે જે અવશ્ય ફળ આપે છે. લખાણ કે વાણી એની તોલે આવી શકે તેમ નથી. કેટલીક વખત તો ઊલટાં એ અવરોધક પણ બની રહે છે.''

અને આમ છતાંય પછીના સમયગાળામાં ભગવાન રમણ પાસેથી વાણી અને લેખન દ્વારા ઉપદેશ પ્રાપ્ત કરવા આ જગત ભાગ્યશાળી થયું તો છે. સને ૧૯૦૦ની સાલમાં ગંભીરમ્ શેષાય્યર નામના કોઈક સાધક રાજયોગની સાધના કરતા હતા. સાધનામાં આવતી મુશ્કેલીઓ અને સમસ્યાઓ સંબંધી પ્રશ્નો તેઓ અવારનવાર ભગવાન રમણને પૂછતા. સમાધિમાંથી જ્યારે ભગવાન જાગતા અને આંખો ખોલતા, ત્યારે તેમની આગળ કાગળના ટુકડાઓ અને પેન્સિલ મૂકીને એ પ્રશ્નોના ઉત્તરો લખાવતા. આમ, તે વખતે ભગવાને જે કંઈ લખ્યું, તે બધું પાછળનાં વરસોમાં નરનેદાર નામના ભક્તે સંગૃહીત-સંકલિત કરીને 'વિચારસંગ્રહમ્' નામના પુસ્તકરૂપે પ્રકાશિત કર્યું. એનો અંગ્રેજી અનુવાદ 'Self inquiry' નામે પ્રકાશિત થયેલ છે.

ત્યાર પછી ૧૯૦૨ની સાલમાં શિવપ્રકાશમ્ પિલાઈએ પણ એ જ રીતે પૂછેલા પ્રશ્નોના ભગવાન રમણે આપેલા ઉત્તરોનો સંગ્રહ 'નાનંયાર' (હું કોણ?) નામે પ્રકાશિત કર્યો. નાનકડી પુસ્તિકારૂપ હોવા છતાં વિશ્વનો મુક્તિદર્શક હોઈને આ પુસ્તક વિશ્વવિખ્યાત બની ગયું છે. શ્રી નટનન્દારનું પણ એવા જ પ્રકારનું પુસ્તક 'ઉપદેશમંજરી' પ્રકાશિત થયું છે. અંગ્રેજીમાં 'Spiritual instructions' નામે એનો અનુવાદ પ્રસિદ્ધ છે. આશુકવિ ગણપતિ મુનિએ તેથી જ તેમને 'સર્વશ્રેષ્ઠ જ્ઞાનાચાર્ય' 'ભગવાન' કહ્યા છે.

ભગવાન શ્રી રમણમાં આજનું અનન્ય દિવ્ય કવિત્વ વિલસતું હતું. એમણે પોતાની માતૃભાષા તામિલને એક નવી અને ભવ્ય કવિતાશૈલી બક્ષી. સાહિત્યજગતમાં અભિનવ પ્રાણસંચાર કરતી એ શૈલી સઘન, અર્થગર્ભ, શિષ્ટ અને પ્રાસાદિક પણ છે. શ્રી રમણ જેવા જ્ઞાનકવિને તો એ સુંદર – સાર્થક શૈલી સહજ જ હતી ! એ શૈલીમાં એમણે તામિલ ભાષામાં ઉપનિષદો આપ્યાં. સાથોસાથ અનેક રચનાઓ દ્વારા તેમણે સંસ્કૃત, મલયાલમ અને તેલુગુમાં પણ પોતાના કવિત્વનો પરિચય આપ્યો. તામિલના વેનવા છંદનો તેલુગુ ભાષામાં ઉપયોગ કરી આપવાનું પ્રથમ શ્રેય તેમને જ છે. તેમણે અનન્ય કાવ્યાત્મક જ્ઞાનરત્નોથી તામિલ ભાષાને શણગારી છે. 'લેખક' કે 'કવિ' તરીકેની કશીય સભાનતા સિવાય નિ:સંકલ્પ રહીનેય તેમણે સતત સાહિત્યસેવા કરી છે. સને ૧૮૯૬થી – જ્યારથી અરુણાચલમાં તેમનું પદાર્પણ થયું ત્યારથી જ – તેઓ નિ:સંકલ્પ હતા જ અને છતાંય ઈશ્વરેચ્છા કહો, પરમસત્તા કહો, કે ઈશ્વર કહો, જગતની સર્જક–પાલક–સંહારક, એ શક્તિએ જ શ્રી રમણનાં મન, વાણી, શરીરને નિમિત્ત બનાવીને માનવમુક્તિ કાજે શ્લોકો – ગીતો રચાવડાવ્યાં અને ગવડાવ્યાં ! ભક્તોની પ્રાર્થનાઓ ફળી, જિજ્ઞાસુઓ ગતસંદેહ થયા ! અધ્યાત્મવિષયક પ્રશ્નોના ઉત્તરરૂપે તેમના શ્રીમુખમાંથી તામિલ – કાવ્યપંક્તિઓનો મધુર રવ નીકળી જતો ! અત્યારે મળતાં બધાં ઉપદેશરત્નો, એ શ્રીમુખે સરી પડેલાં કાવ્યો – શ્લોકોનું, ભક્તોએ સંપાદિત કરેલ લિપિબદ્ધ રૂપ છે. ''શ્રી રમણ ન્યટ્રીરા ટ્ટુ''(શ્રી રમણ કૃતિઓનો તામિલ સંગ્રહ)ના રૂપમાં તે ઉપલબ્ધ છે. એમાં પાંચ

સ્તોત્રો અને ત્રણ શાસ્ત્રોનું મહત્ત્વ વધારે છે. એ પાંચ સ્તોત્રો 'અરુણાચલ સ્તુતિ પંચકમ્' નામથી અને ત્રણ શાસ્ત્રો 'ઉપદેશ ઉન્દીયાર', 'ઉલ્લાદુ નારવાદુ' અને 'ગુરુવાચક્કોવાઈ' નામે પ્રસિદ્ધ છે. આ 'ઉપદેશ ઉન્દીયાર' તેમના મુખ્ય ભક્ત તામિલ મહાકવિ શ્રી મુરુનાગારની અતિ વિનંતીને આભારી છે. વળી એમની જ આજીજીને પરિણામે પૂર્વરચિત શ્લોકોમાં સુધારાવધારા પણ કર્યા અને કેટલાક નવા શ્લોકો પણ રચી આપ્યા. પછીના સમયગાળામાં તેઓશ્રીએ જ આ ગ્રંથનું તેલુગુ, સંસ્કૃત અને તામિલ ભાષામાં, 'ઉપદેશસાર' નામથી ભાષાંતર કર્યું છે. વળી, 'ઉલ્લાદુ નારવાદુ' નામક પરમતત્ત્વવિષયક અનન્ય અને અપૂર્વ ઉપનિષદ જેવી કવિતાનું પણ સંપાદન કર્યું. 'ગુરુવચનમાલા' (ગુરુવાચક કોવાઈ) એ શ્રી રમણોપદેશનો સંચિતનિધિ છે. શ્રી મુરુનાગારે એને સંગૃહીત કરીને તામિલ 'કવિતામાલા' તરીકે જાળવેલ છે. છેક પહેલેથી માંડીને શ્રી ભગવાને કહેલા ઉપદેશોનો એ સંગ્રહ છે. આ રમણ-પ્રસ્થાનત્રયીનું શ્રેય શ્રી મુરુનાગારને જ જાય છે.

સ્વયં આદિશિવસ્વરૂપી પવિત્ર અરુણાચલગિરિમાં શિવાવતાર ભગવાન શ્રી રમણે માર્ગદર્શક થવા ઉપરાંત સ્વયંમાર્ગ ઉપર ચાલીને દૃષ્ટાંતરૂપ થઈને ભક્તો પર અનુગ્રહ કર્યો છે. એમણે ભક્તો સંગાથે અનેક વાર અરુણાચલની પ્રદક્ષિણા ઉઘાડે પગે કરી છે. ઉન્નામુલાઈ અંબિકાઈ દેવી પોતે પણ આ અરુણાચલ-ગિરિની પરિક્રમા કરતાં અને એ રીતે અર્ધનારીશ્વર સ્થિતિને પ્રાપ્ત કરતાં તિરુવણમલ્લૈના દિવ્ય દેવ શ્રી અરુણાચલેશ્વર પણ અન્નામલ્લૈની દર વરસે બે વખત પ્રદક્ષિણા કરતા. એ પ્રદક્ષિણા

વખતે અરુણાચલનું પૂર્ણ માહાત્મ્ય અનિર્વચનીય છે. એક વખત આવી ગિરિપ્રદક્ષિણામાં ભગવાન રમણ હતા ત્યારે - લગભગ ૧૯૧૪ની સાલમાં - તેમણે ''અરુણાચલ અક્ષરમાલા'' - (અરુણાચલ અક્ષરમનમલાઈ)ની રચના કરી. 'અરુણાચલ સ્તુતિપંચકમ્'નો એ પ્રથમ શ્લોક બની રહ્યો ! શ્રી રમણના હજારો ભક્તો આ શ્લોકને મુક્તિસાધન માનીને એનું નિરંતર રટણ કરે છે. વિચારમાત્રથી જ મોક્ષદાયક આ શ્લોક દ્વારા તેઓ પ્રતિદિન અરુણાચલને યાદ કરે છે.

## ષષ્ઠ બિંદુ

આ લોક-મહાગુરુએ પોતાના જન્મથી સમગ્ર તામિલનાડુને - અરે, ભારતવર્ષને ભાગ્યવંત કરેલ છે. એ ભાગ્યશાળી ભૂમિની પેઠે જ એમની પાલકપોષક જન્મદાત્રી આજહમ્માઈએ સંસારના લાભ માટે એમનું પ્રદાન કરી દીધું. સૌને માટે તેઓ અનન્ય વરદાનસમાં હતાં. આ પ્રદાનની ફલશ્રુતિરૂપ મુક્તિલાભ એમને મળ્યો. તેઓ ભગવાન રમણના દિવ્ય અનુગ્રહથી આકર્ષાયાં, અતીતાશ્રમી બની રહ્યાં, આસક્તિઅનાસક્તિ એમને માટે એકસમાન બની રહ્યાં! છેવટે તેમણે પોતાનાં જન્મસ્થળ, સગાંસંબંધીઓ, ઘરબાર, આશાઆકાંક્ષા - બધું જ છોડીને સને ૧૯૧૬માં અરુણાચલમાં વાસ કર્યો. માતા 'શિષ્ય' બનીને રહ્યાં, પુત્ર 'જ્ઞાનગુરુ' બની રહ્યા ! માતાને પગલે પગલે નાના ભાઈ નાગસુંદરમ્ પણ પ્રથમ શિષ્ય અને પછી નિરંજનાનંદ નામધારી સંન્યાસી બની ગયા. આજના રમણાશ્રમની સ્થાપના

અને વિકાસનું મોટું શ્રેય તેમને જ છે. સગાંસંબંધીઓથી ઘેરાયેલા આ સ્થાનને છોડીને ભગવાન ક્યાંક ભાગી જશે એવો ભક્તોને ભય લાગ્યો હતો એટલે પ્રથમ તો માતાના પર્વતવાસની બાબતમાં તેમણે વાંધાવચકા ઊભા કર્યા, પણ એ બિચારાઓને ભગવાનની જલકમલવત્ સ્થિતિનો ખ્યાલ ન આવ્યો ! તેમને તો જળમાં રહેતા મીઠા જેવી – જળને ખારું કરતી જેવી – એમની સ્થિતિ લાગી હશે ! એવાઓને માટે ભગવાને દાખલો પૂરો પાડી દીધો કે શુદ્ધ આત્મસ્થિતિથી ગમે તેવા સંજોગોમાં અનાસક્તિથી જીવી શકાય છે.

આ પછી કુન્દસ્વામી નામના એક ભકતના અવિશ્રાન્ત પરિશ્રમને પરિણામે તે પર્વતીય સ્થાનથી જરા ઊંચેના ભાગમાં અન્ય ભકતોની સહાયથી એક આનંદપ્રદ આશ્રમ બન્યો. એનું નામ 'સ્કન્દાશ્રમ' રખાયું. ૧૯૨૨ની સાલ સુધી શ્રી ભગવાન ત્યાં રહ્યા. એ સાલમાં એમનાં માતાની અંત્યાવસ્થામાં, તેમની પાસે બેસીને શ્રી ભગવાને માતાના મસ્તક પર પોતાના યોગપૂત સિદ્ધ કરકમળો મૂક્યા હતા. જમણો હાથ તેમના હૃદય પર અને ડાબો હાથ મસ્તક પર મૂકીને માતાની અનેક પૂર્વકર્મ વાસનાઓ વચ્ચે જ તુમુલ યુદ્ધને શમાવ્યું હતું. ભગવાનના દિવ્ય કરકમળોના પ્રસાદથી માતાનો આત્મા હૃદયાકાશની કક્ષાએ પામીને પરબ્રહ્મ સાથે ભળી ગયો. સને ૧૯૨૨ના મે માસની ૧૯મી તારીખે – શુક્રવારે રાત્રે તેમનો દેહ પડ્યો. ભગવાન રમણે તેમની મુક્તિ થવાનું વાણીપ્રમાણ આપ્યું. એ પાવન માતૃદેહ, અરુણાચલના દક્ષિણ ઢોળાવ પર આવેલા પલ્લીતીર્થમ્ નામના તળાવને કાંઠે દફનાવવામાં આવ્યો. માતા મુક્તાત્મા હોવા છતાં

ત્યાં તેમની સમાધિ પર શિવલિંગ સ્થાપીને એને માતૃલિંગેશ્વરનું નામ અપાયું. પછીના ગાળામાં સ્વામી શ્રી નિરંજનાનંદે ગાઢ માતૃસ્નેહને લીધે ત્યાં મંદિર બંધાવ્યું. આજે એની વ્યવસ્થિત પૂજા થાય છે. જેમણે શ્રી રમણ જેવા સ્વયં ભગવાનને અવનિ પર રહેવા માટે શરીરમંદિર આપ્યું હતું તેમને માટે આવું મંદિર બંધાવવું સમુચિત જ છે !

## સપ્તમ બિંદુ

સ્કંદાશ્રમવાસી ભગવાન રમણ અવારનવાર માતૃસમાધિની મુલાકાતે આવતા રહેતા. એક નાનકડી છાપરીથી રચેલ - રક્ષાયેલ એ માતૃસમાધિએ દૈવેચ્છાથી એનું રૂપ બદલ્યું, અને સને ૧૯૨૨ના ડિસેમ્બર માસથી - જ્યારે ભગવાન શ્રી રમણે ત્યાં કાયમી વસવાટ કર્યો ત્યારથી - એ રૂપાંતર શરૂ થયું ત્યાં રમણદર્શનાર્થી અને ઉપદેશાર્થી ભક્તોની ભારે ભીડ જામવા માંડી. કેટલાકે તેમનો સતત સંપર્ક સાધવા ત્યાં જ કાયમી સ્થાન જમાવ્યું. પરિણામે અનેક સુંદર મકાનો ચણાયાં અને તેમની ઉપસ્થિતિમાં જ એ સ્થાન અત્યારના રમણાશ્રમના અભિનવ રૂપમાં પરિવર્તિત થઈ ગયું.

આપણા દેશના સૌથી ગરીબ જનને જરૂરી હોય તે કરતાં પણ ઓછો પોશાક - કેવળ એક કૌપીન જ ભગવાન શ્રી રમણે આજીવન ધારણ કર્યું હતું. સૌ સાથે ભેદભાવ વગર બેસીને સૌને મળતો ખોરાક તેઓ લેતા અને તે પણ સૌના કરતાં ઓછો ! આવું સમાનતાના આદર્શસમું તેમનું દૈનંદિન જીવન હતું !

માનવોની જ શી વાત કરીએ ? આશ્રમમાં તો પશુ, પક્ષીઓ સુધ્ધાંને પણ માનવ જેટલા જ અધિકારો હતા ! કૂતરાં, ખિસકોલીઓ, મોર, ગાય, સૌને અધિકાર ! શ્રી ભગવાનની દિવ્ય કરદીક્ષાથી ઘણાં પશુપક્ષીઓ પણ મુક્તિ પામ્યાં હતાં ! અને શ્રી શિવપ્રકાશમ્ પિળ્યે, શ્રી લક્ષ્મી અમ્માળ - એઅમ્માળ, કાવ્યકંઠ શ્રી ગણપતિ મુનિ, શ્રી રામસ્વામી અય્યર, શ્રી હમ્ફ્રીસ, દ્રાવિડ મહાકવિ સ્વામી નટનાનંદ અને શેષાદ્રિસ્વામી આદિ અનેક ભક્તોએ પ્રેરણા-જ્ઞાન-મોક્ષ મેળવ્યાં હતાં.

શ્રી રમણના નિવાસના દરવાજા દિવસે તો શું રાતના પણ સર્વ કોઈને માટે ખુલ્લા જ રહેતા. ચિદાકાશમય ચેતનાની અમર્યાદ અને પ્રકાશપ્રફુલ્લ તેમની જીવનગરિમા કંઈ ઢાંકી ઢંકાય તેવી થોડી જ હતી ? મધ્યરાત્રિએ પણ દર્શનાર્થી ભક્તોને પૂરું સ્વાતંત્ર્ય હતું ! સંત ઓવય્યારના કહેવા મુજબ, ઊણપો ઢાંકવાની જરૂર છે, વિશુદ્ધિને નહીં. વિશ્વાત્મા વળી ઢંકાય પણ કેવી રીતે ? સર્વને, સર્વ સમયે, કશીય શરત વગર દર્શનસૌભાગ્ય જરૂર સાંપડતું. આશ્રમના શરૂઆતના દિવસોમાં નિશાચર ચોરોને પણ અહીં ઉષ્માભર્યો આવકાર મળેલો હતો ! એટલું જ નહીં, તેમને જે જોઈએ તે લઈ જવાનું ભગવાને કહ્યું હતું. ભગવાનના જીવનદર્શનનું આ એક પ્રત્યક્ષ પ્રમાણ છે.

# અષ્ટમ બિંદુ

સને ૧૯૨૪ના જૂન માસની ૨૬મી તારીખે રાત્રે ૧૦-૩૦ વાગ્યે, પેલા નિશાચર ચોરોએ થોડીક છાપરીવાળી ઝૂંપડીઓથી જ બનેલ શ્રી રમણાશ્રમને ધનિક મઠ માનીને પ્રવેશ કર્યો. એમણે બારીબારણાં તો ભાંગ્યાં અને બધું નાશ કરવાની ધમકી આપી ! ભગવાન શ્રી રમણે પોતાના રહેઠાણમાં એ વખતે બેઠેલા ભક્તો દ્વારા ચોરોને અંદર આવવા આમંત્ર્યા અને અંધારામાં જોવા માટે અને જે જોઈતું હોય તે જોઈ શકાય તે હેતુથી ફાનસ પણ અપાવ્યું ! નિર્દય ચોરોએ ખૂબ છંછેડાઈને શ્રી રમણને સંતાડેલી સર્વ સંપત્તિ આપી દેવા કહ્યું. ભગવાને ચોરોને કહ્યું: ''અમે તો ભિક્ષાન્નથી જીવતા સાધુ રહ્યા. ધન તો અમારી પાસે નથી પણ અહીં જે કંઈ છે, તેમાંથી તમારી મરજી પડે તે તમે લઈ જઈ શકો છો. ત્યાં સુધી અમે અહીંથી નીકળીને બહાર બેસી રહીશું.'' આમ કહીને ભક્તો સાથે ભગવાન બહાર ચાલી નીકળ્યા ! બહાર નીકળતી વખતે ચોરોએ તેમને માર્યા. તેમના ડાબા સાથળ પર એક ઘા પડી ગયો. પણ સ્થિતપ્રજ્ઞ ભગવાન શ્રી રમણે તો સહાનુભૂતિપૂર્વક કહ્યું: ''તમને જો આટલાથી સંતોષ ન થયો હોય તો બીજા સાથળ પર પણ પ્રહાર કરો.'' અરે, એ તો ઠીક, પણ ચોરોનો પ્રતિકાર કરવા તૈયાર થયેલ એક યુવાન ભક્તને રોકતાં એમણે સલાહ આપી કે, ''ભલે એ એમનો ધર્મ બજાવે અને આપણે આપણો સાધુધર્મ બજાવીએ – આપણે સ્વધર્મ ન છોડીએ. આપણા પ્રતિકારને પરિણામે જે કંઈ થશે, તેથી દુનિયા આપણને નિંદ્ય અને અપરાધી ગણશે.

જ્યારે પોતાના દાંત પોતાની જીભને કરડે, ત્યારે તેને તોડીફોડી ફેંકી દેવાય કે ?'' આ સલાહ તિરુક્કુરલના ૧૨૭મા શ્લોકનો વ્યવહારમાં વિનિયોગ કરવા સમાન છે.

ત્યાર પછી થોડા દિવસોમાં પોલીસોએ તે ચોરોને પકડીને શ્રી રમણ પાસે રજૂ કર્યા અને તેમને મારનાર ચોરને ઓળખી આપવાની વિનંતી કરી, ત્યારે હસીને શ્રી રમણે ઉત્તર આપ્યો કે, ''પૂર્વજન્મમાં મેં જેને માર્યો હતો, તે એ હતો, તેને તમે શોધી કાઢો.'' આ રીતે પોતાને મારનાર ચોરનું નામ તેમણે ક્યારેય કોઈનેય આપ્યું નહીં. અજ્ઞાનવશ આપણું બૂરું કરનારને સદાસર્વદા ભૂલી જવાનો ઉદાત્ત ધૈર્યગુણ તેમનામાં હતો. આપણું બૂરું કરનારનું સારું કરવાની સજા જ સાચી સજા છે. તેણે કરેલ ખરાબ ભૂલી જવું તે જ સાચી સજા છે, એ શાસ્ત્રોપદેશનું આ વર્તન જ્વલંત ઉદાહરણરૂપ છે.

## નવમ બિંદુ

ધીરે ધીરે ભગવાન શ્રી રમણ વિશ્વાકર્ષક મહાત્મા બની ગયા. વિશ્વના વિવિધ દેશના લોકો તેમને પૂર્ણ સત્યના જીવતાજાગતા સ્વરૂપ તરીકે માનવા લાગ્યા. દૈશિક, કાલિક, સાંપ્રદાયિક, મતમતાંતરો વીસરી જઈને અસંખ્ય જનો દૂરદૂરથી દર્શન કરવા આવતા, તેમની પ્રશંસા કરતા, સ્તુતિ કરતા. તેમને તેઓ ધર્મગુરુ ગણવા લાગ્યા.

આ પૈકીના કેટલાક પોતપોતાની પરિપક્વતાના પ્રમાણમાં શ્રી રમણ ભગવાનનાં દર્શનમાત્રથી, કેટલાક તેમની હાજરીની

અસરમાત્રથી, કેટલાક સેવાશુશ્રૂષાથી તો વળી કેટલાક તેમના ઉપદેશાનુસરણથી આત્મજ્ઞાન પામ્યા હતા.

સને ૧૯૩૮ની સાલમાં શાંતિ ઝંખતા ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રબાબુ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સલાહથી રમણાશ્રમમાં આવ્યા. સેવાગ્રામના આશ્રમ કરતાં રમણાશ્રમ મોટું શાંતિધામ છે, એ વાત ગાંધીજી સ્વીકારતા હતા તેથી જ રાજેન્દ્રબાબુને એમણે રમણ ભગવાનના સાંનિધ્યમાં કશી વાતચીત કે કશા પ્રશ્ન વગર થોડા દિવસ રહેવાની સલાહ આપી હતી ! તે પ્રમાણે ૧૪મી ઑગસ્ટ, ૧૯૩૮ના રોજ તેઓ રમણાશ્રમ આવી પહોંચ્યા અને સતત એક સપ્તાહ સુધી શ્રી ભગવાનનું સાંનિધ્ય સેવતા રહ્યા, મૌન પાળ્યું. તેમની સાથેના અન્ય લોકોએ પ્રશ્નો પૂછ્યા, આસપાસના રમણચરણપૂત પ્રદેશની તીર્થયાત્રા પણ કરી; પણ ગાંધીજીના આદેશાનુસાર રાજેન્દ્રબાબુ અચલ રહ્યા.

છેલ્લે વિદાય વેળાએ નમ્રતાથી તેમણે શ્રી રમણને પૂછ્યું: ''ભગવન્ ! મહાત્માજીએ મને આપ પાસે મોકલ્યો છે. આપનો એવો કોઈ સંદેશ છે ખરો કે તે એમને હું આપી શકું ?''

શ્રી ભગવાને જ્ઞાનપૂર્ણ શબ્દો દ્વારા ઉત્તર વાળ્યો: ''જે શક્તિ અહીં કાર્ય કરી રહી છે તે જ શક્તિ ત્યાં પણ કાર્ય કરી રહી છે. જ્યાં હૃદય જ હૃદય સાથે વાતો કરતું હોય, ત્યાં વળી શબ્દોની તે શી જરૂર હોય ?'' આ ઉત્તરમાં સર્વવ્યાપક પરમાત્માના અદ્વૈત તત્ત્વનું રહસ્ય સમાયેલું છે.

શ્રી રાજેન્દ્રબાબુની જ પેઠે ભારતના અનેકાનેક વિદ્યમાન મહાપુરુષો, રાજાઓ કવિઓ, વિદ્વાનો, રાજકીય નેતાઓ,

તત્ત્વજ્ઞાનીઓ અને સંતો પણ તેમની જ્ઞાનભવ્યતાની કીર્તિગાથા ગાતા રહેતા હતા.

# દશમ બિંદુ

શ્રી રમણ ભગવાનના દેહજીવનના અંતિમ દિવસોમાં તો તેમનું બ્રહ્મજ્ઞાનીપણું વધુ ઉત્કટરૂપે હસ્તામલકવત્ સુસ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું. તેમના તિરુવણમલ્લૈ નિવાસ પછી ચોપન વર્ષ સુધી તેઓ ત્યાં જ અચલ રહ્યા હતા. અને ત્યાં જ તેમનું વિશ્વાત્મરૂપ વિલસતું રહ્યું હતું.

સને ૧૯૪૯ની સાલમાં તેમના ડાબા હાથના ઉપરના ભાગમાં નીચે, સાર્કોમા સ્નાયુ કે હાડકાં પરના ભયંકર કેન્સરની ગાંઠ નીકળી! પહેલાં તો એ ગાંઠ નાની હતી; પણ બે શસ્ત્રક્રિયાઓ કરાવ્યા પછી એ પહેલાં કરતાં ઘણી મોટી થઈ ગઈ. તેથી શરીરમાંથી સતત લોહી વહેવા લાગ્યું. કેટલીય ચિકિત્સાઓ અજમાવી જોવાઈ. રેડિયમ થેરેપી (રોગનિવારક પદ્ધતિ) પણ અજમાવી જોવાઈ. છતાં કશું ન વળવાથી સને ૧૯૪૯ના ડિસેમ્બર માસની ૧૯મી તારીખે ચોથી શસ્ત્રક્રિયા કરવામાં આવી, છતાં રોગ શમ્યો જ નહીં. આ શસ્ત્રક્રિયા મોટી હોવા છતાં શ્રી રમણે ક્લોરોફોર્મ લેવાની ના પાડી; ત્યારે કોઈક ભક્તે તેમને જ્યારે ''શું આપને દુ:ખ નથી થતું?'' એમ પૂછતાં એમણે ઉત્તર વાળ્યો: ''દુ:ખ મારા કરતાં જુદું નથી.''

જે, પોતાને મારનાર ચોરો પ્રત્યે પણ સ્વાત્મભાવ દાખવી શકે, તે ભલા શરીરનાશક રોગ પ્રત્યે સ્વાત્મભાવ કેમ ન જોઈ

શકે? આ અનન્ય આત્મભાવ - અનુપમ અદ્વૈતભાવ જ એમના જ્ઞાનનું રહસ્યબીજ હતું !

રોગજન્ય આ ભયંકર પીડામાં પણ, શોકાતુર ભક્તોને તેઓ અવારનવાર હાસ્ય ભરપૂર આશ્વાસનો અને ઉપદેશો આપતા રહેતા. એક વાર તેમણે કહ્યું: ''આપણને મળેલું આ શરીર જ એક રોગ છે. જો આ રોગને - શરીરને - એક રોગ લાગુ પડે, તો એ આપણા માટે સારું ન કહેવાય, વારુ?''

એક બીજા ભક્તને તેમણે કહ્યું હતું: ''શું સ્વામી ચાલ્યા જશે, એટલે તમે શોક કરો છો ? જવાનું તે વળી ક્યાં છે ? કેવી રીતે, કોને, શા માટે જવાનું છે? આ આવનજાવન કોના માટે ? શરીર માટે કે ? આપણે માટે તો એ કેમ બની શકે ?''

વળી એક બીજે વખતે એમણે સ્પષ્ટતા કરી: ''પોતાનાં શિંગડાં પર લટકાવેલી માળા પડી ગઈ છે કે નથી પડી, તેની કાળજી - ધ્યાન, ગાય જેમ રાખતી નથી અથવા કોઈ પીધેલ માણસ, કપડું શરીર પરથી સરી પડ્યું છે કે નહીં, તે જેમ જાણતો નથી, તેવી જ રીતે જ્ઞાની મનુષ્ય પોતે શરીર ધારણ કરેલ છે કે મરી ગયો છે, તે જાણતો હોતો નથી.''

પોતાના અંતકાળ સુધી પણ દર્શનાર્થી ભક્તોને ન રોકવાનો ભગવાને અનુરોધ કર્યો હતો. સને ૧૯૫૦ના એપ્રિલ માસની ૧૪મી તારીખે, સંધ્યા સમયે, ૮-૪૭ મિનિટે જ્યારે તેમનું પદ્માસનસ્થિત શરીર સ્થિર હતું ત્યારે તેમના એકધારા ચાલતા શ્વાસોચ્છ્વાસ છેવટે હૃદયમાં લીન થઈ ગયા, અનંત મહિમામય ભગવાને માનવદેહવેશ દૂર કર્યો. માયા જવનિકા ફાટી ગઈ, ભગવાન અમાપ કરુણાવકાશની પારમાર્થિક અવસ્થામાં પ્રકાશી

રહ્યા ! ત્યાં આવનજાવન નહીં, અનંતપ્રકાશનું અદ્વૈત જ વિલસી રહ્યું !

બરાબર તે જ ક્ષણે માતૃભૂતેશ્વરના મંદિરમાં બેઠેલા કેટલાક ભક્તજનોએ શ્રી ભગવાનના આવાસના ઓરડામાંના પ્રવેશદ્વારની આસપાસની જગ્યાને ગળી જતો હોય, તેવો ઓજસ્વી તેજ ચમકારો નિહાળ્યો. આ તેજ ચમકારાનો હજુ તો તે બધા વિચાર જ કરતા હતા, ત્યાં તો બહાર રહેલા ભક્તજનોને આકાશ તરફ આંગળી ચીંધીને "જુઓ, આ તેજોજ્યોતિ જાય !" એવો ઉદ્‌ગાર કરતા જોયા – સાંભળ્યા. ધીરે ધીરે ઉત્તર તરફ જતી એ જ્યોતિ આકાશમાર્ગે અરુણાચલના શિખરના પાછલા ભાગમાં વિલીન થઈ ગઈ ! આ મહાન રમણજ્યોતિનો જયજયકાર હો!

રમણ આવાસ અને માતૃમંદિરની વચ્ચેના ભૂમિ ભાગમાં ભગવાન રમણનું પાવન પાર્થિવ શરીર પધરાવ્યું, અને તેમની સમાધિ પર 'રમણ લિંગ મૂર્તિ' નામક શિવલિંગ સ્થાપ્યું. સુંદર મંડપથી એને શણગારવામાં અને રક્ષવામાં આવ્યું. સને ૧૯૬૭ના જૂનની ૧૮મી તારીખે તે મંડપ ઉપર બાવન મહાકુંભાભિષેક કરી એને પવિત્ર કરાયો. મંદિરના આગળના ભાગમાં પાછળથી ઉત્સવોની ઉજવણી માટે એક વિશાળ પ્રેક્ષાગૃહ પણ બંધાયું ! શરીરાતીત, સર્વકાલસ્થિત, સર્વવ્યાપક પરમાત્માની ઉચ્ચતમ અનુભૂતિમાં સ્થિર ભગવાન શ્રી અરુણાચલ રમણનું આ દિવ્ય મંદિર, પોતાના કૃપામૃત વડે સમગ્ર સંસારની જ્ઞાનપિપાસાને શાંતિપૂર્વક સદાસર્વદા છિપાવી રહ્યું છે !

એકાએક જ અલૌકિક રીતે જેમનામાં પ્રત્યગદૃષ્ટિ પ્રસ્ફુટિત

થઈ હતી, જેઓ સતત આત્માનુભૂતિમાં રમમાણ રહ્યા હતા, સગુણા આત્મજ્યોતિના સાક્ષાત્કારેય જેમનું શરીર ટકી રહી શક્યું, નિર્વિકલ્પ સમાધિમાં પણ જેઓ ચિરકાળ સુધી દેહ ધારણ કરી શક્યા, જેમને સહજ સમાધિ સુસાધ્ય હતી, એવા સિદ્ધ અવતારસ્વરૂપ શ્રી રમણ ભગવાનની આ પાવન જીવનરેખા જિજ્ઞાસુઓને પ્રેરક બળ પૂરું પાડો એવી તેમની જ પાસે પ્રાર્થના કરીએ.

दशबिन्दुमयी रेखा सैषा श्री रमणप्रभोः ।
शिवं तनोंतु नः सम्यग्दृष्टिदं सर्वदाऽखिलम् ॥
श्री अरुणाचल रमणार्पणमस्तु ॥

## ઉપદેશવાણી

૧. પૂર્ણ સત્યસ્વરૂપ એક આત્મા જ શાશ્વતં અસ્તિત્વ ધરાવે છે. જ્યારે પ્રાચીન પરમ ગુરુ દક્ષિણામૂર્તિએ પણ એને મૌન વાણી દ્વારા જ ઉદ્‌ઘાટિત કરેલ છે, ત્યારે બીજો તે કોણ એને વાણી દ્વારા કહી શકે ?

૨. અસ્તિત્વ અને ચૈતન્યનું એકદમ એકીસાથે હોવું એ જ પારમાર્થિકતા છે. તેને જાણવું એટલે વિચારોની પેલે પાર ઊઠેલા હૃદયમાં 'તે રૂપ' થઈ જવું. જેનાથી 'હું' અને 'મારું' નાશ પામી જાય, એવી પરમેશ્વર પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિ એ અમરત્વના સાક્ષાત્કારનું સાધન છે. વિશ્વની એકમાત્ર અંતિમ બીજકારણભૂત પરમ સત્તા જ પોતાને અનેકરૂપે પ્રગટ કરે છે, જે

રૂપો ખરેખર તેનાથી જુદાં નથી. 'અહં'નો નાશ કરવો અને 'આત્મસ્થ' રહેવું એ જ ઉપલબ્ધિની સૌથી ઊંચી રીત છે.

૩. નિરાકાર આત્મા સાથે એકાકાર થયેલાને માટે બધું જ નિરાકાર છે. સંસારનું અસ્તિત્વ તો કેવળ સાપેક્ષ જ છે. સંસાર તો ખરેખર મનનો પર્યાયવાચી શબ્દ છે. જ્ઞાન જ સંસારને પ્રકાશિત કરતું હોવાથી જ્ઞાન જ સંસારથી પર છે. જે જ્ઞાનમાં ક્યારેય કશું પરિવર્તન ન થાય તે જ્ઞાન જ પારમાર્થિક છે. નામ-રૂપવાળી ભક્તિ તો 'અનામ' અને 'અરૂપ' સાથે પૂર્ણ એકાત્મભાવનો સાક્ષાત્કાર કરવાનું કેવળ સાધન છે.

૪. સાપેક્ષ જ્ઞાન અને ઘટનાઓ બંને જેનાથી સરી પડે તેવું આત્મજ્ઞાન જ સાચું જ્ઞાન છે, કેમ કે આત્મા જ સર્વનું મૂળ છે. જ્ઞાતા સિવાયનું બીજું જાણવું તે અજ્ઞાન જ છે. આત્મા સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ હોવાથી એ જ્ઞાતા-અજ્ઞાતા કશું જ નથી. એ કદીય આભાસી વિજ્ઞાન હોઈ જ ન શકે. આત્મા કેવળ એક અને સર્વવ્યાપક હોવાથી ભિન્નતાનું જ્ઞાન કેવળ અજ્ઞાન જ છે, અને વળી એ પણ કંઈ આત્માથી અલગ નથી.

૫. ભૂતકાળ અને ભવિષ્યકાળ કદીય વર્તમાનકાળ વગર રહી શકતા નથી. એથી વર્તમાનમાં અમરતત્ત્વ જાણવું એ જ સત્યની જાણકારી છે. શરીર અને મનથી સાપેક્ષ દેશ અને કાળની પેલી પાર, શાશ્વત અને અપરિવર્તનશીલ આત્મા રહેલો છે. આત્માની અનુભૂતિ કરનાર ઋષિ, અજ્ઞાનીઓ સાથે સંબદ્ધ, પ્રારબ્ધ અને પુરુષાર્થને પાર કરી જાય છે. અજ્ઞાની માટે શરીરમાં મર્યાદિત થયેલો 'હું' જ આત્મા છે, પણ જ્ઞાનીને માટે તો 'હું' એ અનંત આત્મા છે.

૬. ખરેખર અહંકાર એ પોતાના રૂપ વગરનું એક ભૂત છે, પણ જે કોઈ રૂપને એ પકડે છે, તેનાથી જ એ પોષણ મેળવે છે. જ્યારે એ ઓળખાઈ જાય છે, ત્યારે નાસી જાય છે. અહંકારના ઉદય સાથે બીજું બધું ઊગે છે, અને એના શમન સાથે બધું શમી જાય છે. આથી આત્મખોજ દ્વારા અહંકારનો નાશ કરવો એ જ કેવળ સાચો ત્યાગ છે - મુક્તિ છે. આત્મખોજ દ્વારા અહંકારના નાશથી અનુભૂત થયેલ એવી સાચી સ્થિતિ જ અહંભાવશૂન્ય આત્મચૈતન્ય છે.

૭. સંસાર સાથે બાંધી દેતા વ્યક્તિગત સ્વાર્થને મનુષ્યે છોડી દેવો જોઈએ. મિથ્યા આત્મભાવનો ત્યાગ જ મુક્તિ છે. ધ્યાન માટે અમુક જ સમય નિશ્ચિત કરવો એ તો ફક્ત શિખાઉ આધ્યાત્મિક સાધક માટેની જ વાત છે. આગળ વધેલ માણસ તો કામ કરતી વખતે કે કામ ન કરતી વખતે પણ વધુ ગહન પરમશાંતિ - મુક્તિને માણશે. એના હાથ ભલે સમાજમાં હોય, પણ હૈયું તો એ એકાંતમાં જ શાંત રાખશે.

૮. તમારે તમને પોતાને 'હું કોણ ?' એ પ્રશ્ન પૂછવો જોઈએ. આ ખોજ છેવટે તમને મનની પેલી પાર તમારી ભીતર જ રહેતું 'કંઈક' ખોળી કાઢશે. બસ, તમે એ મોટી સમસ્યા હલ કરી લો, તો તે દ્વારા અન્ય બધી સમસ્યાઓ હલ થઈ જશે. મનુષ્યનું સાચું સ્વરૂપ સુખ છે. સુખ આત્મામાં સહજ છે. મનુષ્યની સુખ માટેની શોધ એ તેના સાચા આત્મસ્વરૂપની અભાન શોધ જ છે. પરમાર્થ આત્મા અવિનાશી છે. એટલા માટે જ્યારે મનુષ્ય એને શોધે છે, ત્યારે તે અનંત સુખને શોધે છે.

૯. પૂર્ણાત્માની અવર્ણનીય અને સ્વરૂપસિદ્ધ પારમાર્થિક પરમાનંદની અખિલાઈભરી સ્થિતિની અનુભૂતિ પામનાર મનુષ્ય માટે બીજું કશુંય સિદ્ધ કરવાનું બાકી રહેતું નથી. ''આત્મા એક છે અને જ્ઞાતા અને જ્ઞેય એ બંને એક જ ચૈતન્ય છે.'' એ રીતે એ અનન્ય છે. એ કદીય જ્ઞેય કે અજ્ઞેય કેવળ વિષયરૂપ બની શકે નહીં.

૧૦. તમે કહો છો કે, ''આ બુદ્ધિપ્રધાન યુગ છે. અને કોઈ પણ ઉપદેશ બુદ્ધિગમ્ય હોવો જોઈએ.'' હું પૂછું છું: ''એ બુદ્ધિ કોની છે ?'' તમે આ જ ઉત્તર આપશો : ''એ મારી બુદ્ધિ છે.'' એનો અર્થ એ થયો કે બુદ્ધિ તમારું સાધન છે. વિવિધ વસ્તુઓને માપવા - પ્રમાણિત કરવા તમે એનો ઉપયોગ કરો છો.- એ કંઈ 'તમે પોતે' નથી કે એ તમારાથી સ્વતંત્ર 'એવું કંઈક' પણ નથી. તમે પોતે તો શાશ્વત અસ્તિત્વ ધરાવનાર છો જ્યારે બુદ્ધિ તો કેવળ એક ઘટના છે. તમારે તમને પોતાને શોધવા, પકડવા અને ધારણ કરવા જોઈએ. નિઃસ્વપ્ન નિદ્રામાં બુદ્ધિ હોતી નથી, બાળકમાં પણ બુદ્ધિ હોતી નથી. ઉંમરની સાથે બુદ્ધિનો વિકાસ થાય છે ખરો પણ ઊંઘમાં કે બાલ્યવયમાં એનું કોઈ બીજ જ ન હોય તો એ બુદ્ધિ કેવી રીતે પાંગરી કે પ્રગટી શકે ? આ પાયાના સત્યને શોધવા ઈતિહાસ તરફ શા માટે જવું જોઈએ ? ઈતિહાસમાં જેટલી સત્યની માત્રાઓ હોય છે, તેટલી જ સત્યમાત્રાઓ 'ઈતિહાસકાર'માં હોય છે.

૧૧. જગત 'સત્' છે કે કેવળ ભ્રમાત્મક દશ્ય છે, ચૈતન્યમય છે કે જડ છે, સુખમય છે કે દુઃખમય છે - આવા જગતસંબંધી વાદવિવાદોથી શું વળવાનું છે ? તે એક છે કે વૈવિધ્યસભર છે

એવા આગ્રહવાળાં વિધાનોની પેલી પાર વિશુદ્ધ પારમાર્થિક ચૈતન્યને જાણીને - સંસારથી પાછા વળીને - ઉપલબ્ધ કરેલ અહંકારશૂન્ય સ્થિતિને સૌ માનવો એકસરખી રીતે ચાહે છે.

૧૨. પોતાને પિછાણ્યા વગર જગતને જાણવા ઈચ્છતા અને જગતને પારમાર્થિક સાબિત કરતા તમારા તરફ જગત હંમેશાં હસી રહ્યું છે! જે પોતાની પારમાર્થિકતાને - જ્ઞાતાના સત્યને જાણતો નથી તેનું આ સાપેક્ષ અસ્તિત્વથી જન્મેલું વિષયજ્ઞાન કેવી રીતે પારમાર્થિક હોઈ શકે? જેમાં જ્ઞાન અને જ્ઞાનેતર શમી જાય તેવા 'હું'નું સાચું જ્ઞાન જો થઈ જાય, તો અજ્ઞાનની સાથે સાપેક્ષ જ્ઞાન પણ અટકી જશે.

૧૩. જગત અને મન સાથે ઉત્પન્ન થઈને એકરૂપ બની રહે છે, પણ એ બેમાંથી જગત જ કેવળ મન માટે દશ્યત્વ ધારણ કરે છે. આ મન અને જગતની અવિભાજ્ય જોડી જેને વિશે ઊગે છે અને એકરૂપ થઈ ગોઠવાય છે તે એકમાત્ર જ સત્ તત્ત્વ છે. એ 'સત્' તત્ત્વ એક પૂર્ણ ચૈતન્ય જ છે. એને ઉદય પણ નથી અને અસ્ત પણ નથી.

૧૪. જગત શરીર કરતાં જુદું નથી, અને શરીર મન કરતાં જુદું નથી. મન અનાદિ ચૈતન્ય કરતાં અલગ નથી અને અનાદિ ચૈતન્ય પરમાર્થ સત્ કરતાં અલગ નથી. તે શાંતિમાં અપરિવર્તનશીલ અસ્તિત્વ ધરાવે છે.

૧૫. શબ્દાદિ પાંચ ઇંદ્રિય સંવેદનો સિવાય જગત બીજું કશું જુદું નથી. આમ જગત પાંચ ઇંદ્રિય વિષયોનું બનેલું છે. એક મન પાંચ ઇંદ્રિયો દ્વારા આ પાંચેય સંવેદનો અનુભવે છે. આવી બાબત જોવાથી જગત મન સિવાય બીજું શું હોઈ શકે?

૧૬. 'હુંપણા'ની બુદ્ધિ સિવાય દેશ અને કાળ ક્યાં છે ? જો આપણે શરીરસ્વરૂપ હોત તો આપણે દેશ અને કાળમાં છીએ, એમ કહી શકાત પણ આપણે શું શરીરસ્વરૂપ છીએ ? સર્વ કાળે અને સર્વ દેશે આપણે તો સમાન જ છીએ. આથી આપણે તો દેશકાળથી પર રહેલી પરમ સત્તા જ છીએ.

૧૭. જ્યારે 'હું શરીર છું' - એવી બુદ્ધિ જન્મે છે, ત્યારે 'તું' અને 'તે'નો ખ્યાલ પણ જન્મે છે. પરંતુ જ્યારે 'હું'ની પશ્ચાદ્ભૂમિકામાં રહેલ સત્યપ્રાપ્તિની ઝંખનાથી પૂર્વનો 'હું' ભાવ નાશ પામે છે ત્યારે 'તું' અને 'તે'નો ખ્યાલ પણ નાશ પામે છે; ત્યાર પછી જે એકમાત્ર સ્મૃતિ પ્રકાશી રહે છે, તે જ સાચો આત્મા છે.

૧૮. જો આત્માને આકાર હોત, તો જગત અને ઈશ્વર પણ સાકાર હોત પણ જો આત્મા નિરાકાર, તો પછી કોનાથી અને કેવી રીતે આકારો દેખાય ? આંખે દેખાતા ખેલતમાશા કરતાં વળી ખેલતમાશો કંઈ જુદી ભાતનો હોય ભલા ! સાચી આંખ એ તો સાચો આત્મા જ છે. એ તો અનંત નિરાકાર અને અસાંસારિક પૂર્ણ ચૈતન્ય છે.

૧૯. જોનાર આંખ જો પોતે માંસલ હશે, તો સ્થૂળ રૂપો જોવાશે, અને કાચની મદદ મળશે, તો નરી આંખે ન જોઈ શકાતી વસ્તુના આકાર દેખાશે. જો આંખ મનોરૂપ હશે, તો સૂક્ષ્મ રૂપોય દેખાશે. આમ, જોતી આંખ અને એના જોવાતા વિષયો એક જ પ્રકારના હોય છે. એટલે જો આંખ સાકાર હશે, તો એ રૂપ સિવાય કશું જોઈ શકશે નહીં. પણ ભૌતિક આંખને કે મનને એનું પોતાનું સ્વરૂપ પારખવાની કોઈ શક્તિ નથી.

પારમાર્થિક આંખ આત્મા છે, એ પોતે નિરાકાર, વિશુદ્ધ અને અનંત – પૂર્ણતમ પારમાર્થિક ચૈતન્ય હોવાથી તે આકાર જોતું નથી.

૨૦. ચૈતન્ય પરથી પસાર થતા વિચારોના ઝરણા સિવાય મન બીજું કશું જ નથી. આ બધા વિચારોમાંનો પહેલો વિચાર 'હું આ શરીર છું' એ છે. આ વિચાર ખોટો જ છે પણ એને સાચો માની લેવામાં આવવાથી બીજા વિચારોનો જન્મ સંભવિત બને છે. એટલે મન, એ પ્રાથમિક અજ્ઞાનનો વિકાસ જ છે અને એટલા માટે જ એ મિથ્યા છે.

૨૧. જો હું અમર અને પૂર્ણ હોઉં તો પછી હું અજ્ઞાની કેમ ? જવાબ: ''અજ્ઞાની કોણ છે ?'' પારમાર્થિક આત્મા અજ્ઞાની હોવાની ફરિયાદ કરતો નથી. ફરિયાદ કરનાર તો તમારી અંદર રહેલ અહંકાર છે. પ્રશ્નો પૂછનાર પણ એ જ છે. આત્મા કોઈ પ્રશ્ન પૂછતો નથી. અને એ અહંકાર દેહ પણ નથી અને આત્મા પણ નથી. પણ એ બંનેની વચ્ચે ઊભું થતું કંઈક છે. ઊંઘમાં અહંકાર ન હતો અને ત્યારે તમને અપૂર્ણતા કે અજ્ઞાનનો ખ્યાલ ન હતો. આ રીતે અહંકાર પોતે જ અપૂર્ણતા અને અજ્ઞાન છે. જો તમે અહંકારનું સાચું સ્વરૂપ નિહાળવા અને એ રીતે સત્-આત્માને શોધવા ઝંખતા હો, તો ત્યાં તમને અજ્ઞાન મળશે નહીં.

૨૨. માણસ પોતાને 'કર્તા' માને છે, એ એક તકલીફ છે. એ એક ભૂલ છે. 'કર્તા' તો એનાથી ઉચ્ચતર શક્તિ છે અને એ તો કેવળ સાધન છે. જો તે આ સ્થિતિ સ્વીકારી લે તો બધી મુસીબતોમાંથી મુક્ત થઈ જાય. અને ન સ્વીકારે તો મુસીબતોને

એ પ્રેમ કરે છે. દાખલા તરીકે ગોપુરમની પાયાની આકૃતિ જુઓ - પેલું ટાવરમંદિર ! જાણે પોતાના ખભા ઉપર ટાવરનો ભાર વહેતી હોય એવો દેખાવ એ આકૃતિમાં છે. એની દૃષ્ટિ અને વલણ જાણે ભારે મોટો ભાર ઉપાડવાથી અતિશ્રમિત થયેલાં હોય એમ ચીતરાયાં છે; પરંતુ વિચાર કરો, ટાવર ધરતી પર બંધાયું છે અને પોતાના પાયા પર ઊભું છે. પેલી આકૃતિ તો ટાવરનો એક ભાગમાત્ર છે. શું આ હાસ્યાસ્પદ નથી ? કર્મનો ખ્યાલ પોતા પર લેનાર માણસ પણ આવો જ છે !

૨૩. મનની હસ્તીની ખોજ કરવાથી જણાશે કે મનની હસ્તી જ નથી ! આ ખ્યાલનું નામ જ મનનો સંયમ કહેવાય. નહીંતર જો મનની હસ્તી સ્વીકારવામાં આવે અને પછી જો કોઈ એને કાબૂમાં લેવા ઝંખે તો એનો અર્થ તો ''મન, મનને કાબૂમાં લેવા મથે છે'' એવો થાય ! એ તો એના જેવું થયું કે જાણે કોઈ ચોર પોતે પોલીસ બનીને ચોરને - પોતાને જ - પકડવા માગતો હોય !

૨૪. આ નિશ્ચેતન શરીર પોતાને 'હું' કહેતું નથી. કોઈ પણ એમેય કહેતું નથી કે, ''ઊંઘમાં હું ન હતો.'' પણ આ બધું અહંકારના ઉદય પછીના અસ્તિત્વમાં જ નીપજે છે. તેથી આ અહંકાર ક્યાંથી જન્મે છે, એ મૂળ સ્રોતની શોધ, સત્યની ઝંખના પર મનને કેન્દ્રિત કરીને કરવી જોઈએ.

૨૫. શાસ્ત્રોના સારતત્ત્વની અનુભૂતિ થયા પછી શાસ્ત્રો નકામાં થઈ જાય છે. શાસ્ત્રો ઉચ્ચતર શક્તિ - આત્માનું અસ્તિત્વ બતાવવા માટે અને તેને મેળવવાનો માર્ગ બતાવવા માટે ઉપયોગી છે. બસ, આટલું જ ! એનું સારતત્ત્વ પચી ગયા પછી

બાકીનું બધું વ્યર્થ જ ! માણસ જેમ જેમ ઊંચી પાયરીએ જતો જાય તેમ તેમ પોતે પૂર્વે હાંસલ કરેલા દરજ્જાને તો એ પાયરીએ ચઢવાનાં પગથિયાં માત્ર જ ગણે છે. એ રીતનું આ છે. જ્યારે ઉદ્દેશ પ્રાપ્ત થાય છે ત્યારે કેવળ એ જ એકલો બાકી રહે છે અને એને માટે બાકીનું બધું નકામું થઈ જાય છે. આ સ્થિતિમાં શાસ્ત્રો નકામાં છે.

૨૬. કોઈ ઝરણાને ઓવારેથી સામે કાંઠે જઈને દસ અજ્ઞાનીઓએ પોતાની ગણતરી કરી. પણ તેઓ નવ જ થયા ! અજાણ્યા દસમાને ગુમાવવાથી તેઓ ચિંતા અને શોક કરવા લાગ્યા. કોઈ અજાણ્યા વટેમાર્ગુએ તેમના શોકનું કારણ જોઈ – તપાસીને જાણી લીધું કે, ગણતરીમાં દરેક પોતાને ગણવાનું ભૂલી ગયો છે એટલે એણે દરેકને ફટકો મારીને ગણવા કહ્યું. એટલે દસ ગણાયા અને તેઓ સંતુષ્ટ થયા. દસમો નવો ન રહ્યો ! એ ત્યાં જ હતો; પણ કેવળ અજ્ઞાનને લીધે જ તેમને શોક થયો હતો. આ રીતે માણસ અને આત્માનું પણ છે. કંઈ નવું મેળવવાનું છે જ નહીં. આત્મા સદા અહીં જ અને અત્યારે જ છે. મિથ્યા મર્યાદાઓ ઊભી થઈ છે. એને ઓળંગવાની આવશ્યકતા છે. વળી, જો કંઈ નવું મેળવવાનું હોય, તો પહેલાં એની અનુપસ્થિતિ સિદ્ધ થશે. જે એક વખત અનુપસ્થિત હોય, તે ફરી પણ નષ્ટ થઈ જાય. કોઈ પણ રીતે એવી મુક્તિ શાશ્વત ન હોય.

૨૭. 'હું' જાણતો નથી એમ કહેનાર કોણ છે ? શું 'હું' અજ્ઞેય, અજ્ઞાત કે ભ્રાંત હોય કે ? એક વ્યક્તિમાં બે 'હું' હોય ખરા ? 'હું જણાતો નથી' – એમ કહેનાર મન છે. એ મન

નીકળ્યું છે ક્યાંથી ? મનને ઓળખો, તમને એ કેવળ કલ્પિત વાત જેવું લાગશે.

૨૮. તિરુવણમલ્લૈમાં પથારીમાં ઊંઘતા તમે સ્વપ્ન જુઓ છો. એમાં તમે પોતાને બીજા શહેરમાં જુઓ છો. એ બધું જ તમને સાચું લાગે છે. આ ઓરડામાં પથારીમાં તમારું શરીર પડ્યું છે. શું કોઈ બીજું શહેર તમારા ઓરડામાં પ્રવેશી ગયું ? કે પછી તમે આ શરીર અહીં છોડીને કોઈ અન્ય સ્થળે ચાલી જઈ શક્યા ? આ બંને વાત અસંભવિત છે. એટલે તમારું અહીં હોવું અને અન્ય શહેરને જોવું એ બંને મિથ્યા છે. એ બંને મનને સાચાં દેખાય છે. સ્વપ્નનો 'હું' નાશ પામી ગયો. અને બીજે 'હું' સ્વપ્નની વાત કરે છે. આ 'હું' સ્વપ્નમાં ન હતો. આ બંને 'હું' અસત્ છે. મનનું અધિકરણ જ વિવિધ દશ્યો ખડાં કરતું રહે છે. દરેક વિચાર સાથે 'હું' ઊગે છે અને એના ભૂંસાવા સાથે ભૂંસાય પણ છે. એટલે ક્ષણે ક્ષણે 'હું' જન્મે છે અને મરે છે. મનનું આ સાતત્ય જ ખરી મુશ્કેલી છે. જનકની દષ્ટિએ એ ચોર છે.

૨૯. ''ઉદ્દેશ્યપ્રાપ્તિની મથામણ ચાલુ હોય ત્યાં સુધી 'દ્વૈત' સાચું છે પણ ઉદ્દેશ્યમાં દ્વૈત નથી'' – આવું વિધાન જરાય સાચું નથી. પેલી વાર્તામાં ખોવાયેલ દસમા જણને ચિંતાથી ઝંખતો એક જણ અને ખોવાયેલો મનાતો બીજો જણ એ બંને 'પોતે' ખોળનાર જ એક જ છે એમ ખાતરી થતાં પછી અન્ય ક્યાંથી રહે ?

૩૦. ઊંઘમાંથી ઊઠ્યા પછી તમે ગાઢ નિદ્રાને નિશ્ચેતન સર્વશૂન્ય કહો છો. તમે ઊંઘમાં એવું કશું કહેતા નથી. 'ઊંઘ

નિશ્ચેતન હતી' એવું તમને અત્યારે કહેનાર તમારામાં રહેલ તમારું મન છે. પણ એ તો તમારી ઊંઘ દરમિયાન હાજર ન હતું. અને તેથી ઊંઘમાં રહેલ ચૈતન્યની તેને ખબર ન હોય, એ સ્વાભાવિક છે: ઊંઘનો અનુભવ કર્યા વગર, એ સ્થિતિ કોના જેવી છે, એવી સ્મૃતિ એને થવી શક્ય નથી. તેથી એ વિશે તે ભૂલ જ કરે છે. ગાઢ નિદ્રાની સ્થિતિ મનથી પર છે.

૩૧. ચેતન આત્મા જ કેવળ 'સત્' છે, બીજું કશું જ નહીં. વિભિન્નતાવાળું કહેવાતું જ્ઞાન તો કેવળ અજ્ઞાન જ છે. આ અજ્ઞાન મિથ્યા છે કારણ કે આત્મસ્વરૂપ ચૈતન્ય કરતાં જુદું એને પોતાનું કશું અસ્તિત્વ નથી. સોનાનાં બનાવેલાં ઘરેણાંનું સોના કરતાં અલગ અસ્તિત્વ નથી.

૩૨. પારમાર્થિક આત્મતત્ત્વવાળી પોતાની સહજ સ્થિતિ જ સાચી સિદ્ધિ છે. અને આત્માની ઓળખ થાય તો જ એ સિદ્ધ થાય છે. આપણે આત્મસ્વરૂપ જ છીએ. બીજી સિદ્ધિઓ તો સ્વપ્નમાં મળેલી સિદ્ધિઓ જેવી છે. જાગ્યા પછી સ્વપ્નમાં થયેલી પ્રાપ્તિ ટકે ખરી ? પરમાર્થતત્ત્વમાં દઢીભૂત થઈ જેણે મિથ્યાત્વ ખંખેરી નાખ્યું હોય એવા ઋષિને આવી વસ્તુઓ ભ્રાંત કરી શકે કે ?

૩૩. આનંદમય અને શાશ્વત સહજ સ્થિતિમાં સુસ્થિત હોવાથી જે કશા ભેદ જાણતો નથી, 'હું એક છું અને આ બીજો છે' - એવું જે વિચારતો નથી એને વળી 'આત્મા' સિવાય બીજું શું હોય ? કોઈ એને વિશે ગમે તે કહે એનું શું મૂલ્ય હોય ? એને માટે તો એ પોતે પોતાને કહ્યું હોય એવું જ છે.

૩૪. આત્માની વિસ્મૃતિને કારણે ભૌતિક શરીરને જ આત્મા

સમજવાથી માણસ ભુલભુલામણીમાં પડે છે અને અનેકાનેક જન્મોમાં ભટકે છે. સ્વપ્નમાં આખી દુનિયા ભટકવા જેવું જ આ છે. પછી એને આત્મસાક્ષાત્કાર થતાં સ્વપ્નના ભ્રમણની જાગેલા માટે જે સ્થિતિ થાય, તેવું જ તેનું થાય છે.

૩૫. આત્મા તરીકે શાશ્વત અસ્તિત્વ હોવા છતાં, જે ''હું કોણ છું અને ક્યાં છું'' આવા પ્રશ્નો પોતાને પૂછે છે તે તો પોતાની ઓળખાણ અને સ્થિતિની તપાસ કરતા પીધેલા આદમી જેવો જ છે.

૩૬. શરીર જ ખરી રીતે આત્મામાં હોવા છતાં, જે 'જડ શરીરમાં આત્મા છે' એવું વિચારે છે, એ તો એવો છે કે જાણે કોઈ ચિત્રના આધારરૂપ પડદાના કપડાને ચિત્રમાં રહેલ માનતો હોય !

૩૭. કૃપા તમારી ભીતર ભરી છે. જો એ બાહ્ય હોય, તો નકામી ! કૃપા આત્મસ્વરૂપ છે. એ અન્ય પાસેથી મેળવવા જેવું 'કંઈક' નથી. તમારી ભીતર એનું અસ્તિત્વ જાણવું એ જ માત્ર જરૂરી છે. એની હલચલથી તમે ક્યારેય મુક્ત નથી. કૃપા હંમેશાં છે જ. અજ્ઞાનને લીધે એનો પ્રસાર દેખાતો નથી. શ્રદ્ધા વડે એ દેખાશે - શ્રદ્ધા - કૃપા - પ્રકાશ - ચૈતન્ય - એ બધા આત્માના જ પર્યાયવાચી શબ્દો છે.

૩૮. ધ્યાન ધરવા માટે 'ધ્યેય' વિષયની જરૂર છે. જ્યારે 'વિચાર' કે અંતરદષ્ટિમાં વિષય વગરનો કેવળ વિષયી જ હોય છે ! આ રીતે ધ્યાન, 'વિચાર' કરતાં જુદું છે. 'વિચાર' પ્રક્રિયા પણ છે અને ઉદ્દેશ પણ છે. 'હું છું' એ ઉદ્દેશ અંતિમ સત્ છે. આ વિશુદ્ધ અસ્તિત્વને પ્રયત્નપૂર્વક પકડી રાખવું, એ જ

'વિચાર' છે. જ્યારે એ સ્વયંસ્ફૂર્ત અને સહજ હોય, ત્યારે એ સાક્ષાત્કાર કહેવાય છે.

૩૯. "'શું મને અનુભૂતિ થશે ?'' એવી શંકા કે, "'મેં અનુભૂતિ કરી નથી'' એવી લાગણી સાક્ષાત્કાર માટે અવરોધક છે. સાક્ષાત્કાર કંઈ નવી મેળવવા યોગ્ય વસ્તુ નથી. આત્મા સદૈવ અનુભૂત જ છે. "'મેં અનુભૂતિ કરી નથી'' - એવા વિચારથી મુક્ત થઈ જવું જ પરમાવશ્યક છે.

૪૦. દશ્યને સ્વતંત્ર તત્ત્વ - આત્માથીય સ્વતંત્ર માનવો એ ખોટું છે. દશ્ય દ્રષ્ટા કરતાં જુદું નથી. કેવળ એક આત્મા જ અસ્તિત્વ ધરાવે છે. દશ્ય અને દ્રષ્ટા બે નથી. દશ્યને દ્રષ્ટા માનવું જ સાચું છે.

૪૧. બીજી રીતે મિથ્યા જેવી કોઈ વસ્તુ જ નથી. આત્મા જ કેવળ અસ્તિત્વવાળો છે. દુનિયા અને બીજું બધું જે એકમાત્ર ઉપર આધાર રાખીને અસ્તિત્વ ધરાવે છે, એવા અહંકારનું પગેરું મેળવવા તમે જ્યારે પ્રયત્ન કરો છો ત્યારે તમને લાગશે કે, અહંકારનું અસ્તિત્વ જ નથી. અને એ જ રીતે આખી સૃષ્ટિ પણ એવી જ છે.

૪૨. ત્યાગ અને સાક્ષાત્કાર એ એક જ છે - એક જ સ્થિતિની તે બે બાજુઓ છે. અનાત્મને છોડી દેવું એ 'ત્યાગ' છે. જ્ઞાનસમવેતપણું જ જ્ઞાન કે આત્મસાક્ષાત્કાર છે. કેવળ સત્યની એક નિષેધાત્મક બાજુ છે અને બીજી વિધેયાત્મક બાજુ છે.

૪૩. તમારા જાગ્રત અવસ્થાના અનુભવોના સમર્થન માટે તમારે તમને જાગ્રત અવસ્થામાં મળતા લોકોને પૂછવું જોઈએ. એ રીતે

તમારા સ્વપ્નાવસ્થાના અનુભવોના સમર્થન માટે તમે જ્યારે સ્વપ્નમાં હતા ત્યારે સ્વપ્નાવસ્થામાં મળતા લોકોને પૂછવું જોઈએ. ત્યારે સ્વપ્નમાં તમે જે મિત્રો કે સગાંસંબંધીઓ જોયાં, તે તમને સમર્થન આપી શકે. મુખ્ય મુદ્દો આ છે કે, જાગ્યા પછી તમે સ્વપ્નના કોઈ પણ અનુભવનું ખરાપણું નક્કી કરવા તૈયાર છો ખરા ? એ જ રીતે જે જ્ઞાનમાં જાગી ગયો છે તે આ (વ્યાવહારિક) જાગ્રત અવસ્થાના અનુભવોનું ખરાપણું નક્કી ન કરી શકે. એની દૃષ્ટિએ તો આ જાગ્રત અવસ્થા પણ એક સ્વપ્ન જ છે.

૪૪. મૌન ચાર પ્રકારનું છે: વાણીનું મૌન, આંખનું મૌન, કાનનું મૌન, અને મનનું મૌન. આમાં છેલ્લું મૌન વિશુદ્ધ છે અને ખૂબ મહત્ત્વનું છે. ભગવાન દક્ષિણેશ્વરમાં દેખાતા દષ્ટાંત પ્રમાણે મૌન વિવેચન એ જ સર્વોત્તમ વિવેચન છે. કેવળ મૌન જ અમર વાણી છે, મૌન જ એક શબ્દ અને મૌન જ હૃદય સાથે વાત કરતી હૃદયવાણી !

૪૫. મૌન એ વીજળીના પ્રવાહના એકધારા ધોધ જેવું છે. અને વાણી એ પ્રવાહના પ્રકાશ વગેરે માટે અવરોધક વસ્તુ છે. જ્ઞાની ગમે તેટલું બોલે તોયે એ મૌની છે, એ ગમે તેટલું કામ કરે તોયે શાંત જ છે. એનો અવાજ અભૌતિક (દિવ્ય) અવાજ છે. એનું ચાલવું ધરતી પરનું નથી હોતું, એ તો આકાશને માપનારું હોય છે.

૪૬. ગુરુની કૃપા તો સર્વદા છે જ. તમને લાગે છે કે, એ ક્યાંક કંઈક ઊંચે આકાશમાંથી ઊતરે છે ! એ તો ખરેખર તમારી ભીતર – તમારા હૃદયમાં જ છે અને જે ક્ષણે તમારું મન એના મૂળ સ્રોતમાં શાંત થઈ, ભળી, ઓગળી જશે કે તરત જ તમારા

ભીતરથી ઝરણાની પેઠે કૃપા ઊછળતી-કૂદતી ફૂટી નીકળશે.

૪૭. જ્યારે ભક્ત અમુક ભૂમિકાએ પહોંચે છે અને જ્ઞાનપ્રાપ્તિનો અધિકારી થાય છે ત્યારે જે ઈશ્વરને તે ભજતો હોય તે ઈશ્વર ગુરુરૂપે આવીને એને દોરે છે. ગુરુ એને એટલું જ કહેવા આવે છે કે, ''ઈશ્વર તારા પોતામાં રહેલ છે, ડૂબકી લગાવ અને અનુભૂતિ પામ.'' ઈશ્વર, ગુરુ અને આત્મા એક જ છે.

૪૮. ભગવદ્‌ગીતા કહે છે કે શાણા માણસો ઇન્દ્રિયવિષયો કરતાં ઇન્દ્રિયોનો વધુ વિચાર કરે છે. અને ઇન્દ્રિયાવયવોનાં કાર્યો તરફ અનાસક્ત રહે છે. હું આગળ વધીને કહીશ કે જ્ઞાની તો એ પણ વિચાર કરતો નથી. એ પોતે આત્મસ્વરૂપ છે. અને પોતાથી બીજું કશું જોતો નથી. ગીતાએ કહેલું ઉપરનું વાક્ય તો અભ્યાસી સાધક માટે છે.

૪૯. અંધારામાં રહેલી વસ્તુ જોવા માટે આંખ અને દીવાનો પ્રકાશ બંનેની જરૂર છે. કેવળ પ્રકાશ જોવા માટે એકલી આંખ જ પૂરતી છે. પણ સૂર્યને જોવા માટે અન્ય પ્રકાશની અપેક્ષા નથી. પોતાને પિછાનવા માટે આપણી બુદ્ધિ નકામી છે. બાહ્ય વિષયોવાળી સૃષ્ટિને નિહાળવા માટે એની સાથોસાથ ઉત્પન્ન થતા મન અને પ્રતિબિંબિત પ્રકાશ - ચિદાભાસ - ની જરૂર છે. પણ આત્માની ઓળખ - પોતાની પિછાણ - માટે મન અંતર્મુખ કરવું પડશે કારણ કે, ત્યાં પ્રતિબિંબિત પ્રકાશ - ચિદાભાસની જરૂર નથી.

૫૦. 'હું' એ 'હું ભ્રમ'ને ખંખેરી નાખે છે અને છતાં 'હું' રહે છે ! આ વિધાન તમને વિરોધી લાગશે, પણ જ્ઞાની માટે એવું નથી. ભક્તનો દાખલો લો. એનો 'હું' પોતાને ઈશ્વરમાં સમાવી

દેવાની ઈશ્વરને પ્રાર્થના કરે છે. એ શરણાગતિ છે. આ શરણાગતિ પછી જે શેષ રહે એ અમર 'હું' છે. એ પૂર્ણ, ઈશ્વર કે પુરુષોત્તમ પોતે જ છે. તો પછી પહેલાં જે ઈશ્વરને પ્રાર્થતો હતો તે 'હું'નું શું થયું ? એ તો મિથ્યા હોવાને કારણે નાશ જ પામી ગયો !

૫૧. દરેક ભૂમિકાને એનો પોતાનો ભ્રમ હોય છે અને તે જ ભૂમિકાના બીજા ભ્રમથી જ એનો નાશ થઈ શકે છે. દાખલા તરીક એક માણસ પેટપૂર ખોરાક ખાઈને ઊંઘી ગયો. જાગ્રત અવસ્થામાં ભરપૂર ખોરાક લીધા છતાં ઊંઘમાં પોતે ભૂખ્યો હોવાનું એને સ્વપ્ન આવ્યું. સ્વપ્નાની ભૂખ સંતોષવા એણે સ્વપ્નમાં ખોરાક લીધો. આવી જ રીતે અજ્ઞાનનો ભ્રમ ગુરુઉપદેશથી જ નાશ પામી શકે. મુક્તિ તો સદાસર્વદા પ્રાપ્ત જ છે અને બંધન તો છે જ નહીં છતાં દુનિયાનો અનુભવ એથી ઊલટો છે.

૫૨. આત્માને ઓળખવો એટલે આત્મરૂપ થવું. અને થવું એટલે હોવું. પોતાની જ હસ્તી હોવી. પોતાની આંખની હસ્તી પેઠે એની હસ્તી કોઈ નકારી ન શકે. ભલે એ જોઈ ન શકાય ! પણ આત્માને વિષયરૂપે જોવાની ઈચ્છા જ તમારી મુસીબત છે. આંખ સામે અરીસો મૂકીને જ આંખને વિષયરૂપ બનાવી શકાય છે. આત્માને વિષયરૂપે જોવા તમે એવા ટેવાયેલા છો કે તમે સ્વજ્ઞાન ખોઈ નાખ્યું છે કારણ કે આત્મા કદીય વિષયરૂપ બની શકતો નથી. આત્માને ઓળખનાર કોણ છે ? જડ શરીર અને મન એને જાણી શકે ? આખો વખત તમે 'હું' 'હું' 'હું' કહ્યા અને ચિંતવ્યા કરો છો અને પૂછવામાં આવતાં તમે એના જ્ઞાનને

નકારો છો ! તમે પોતે આત્મા હોવા છતાં આત્માને કેમ ઓળખવો, એમ પૂછો છો !

૫૩. માણસ દિવ્ય અનુભૂતિઓની વાતો કરે છે, પણ દ્રષ્ટા પોતાની સાથે એ દશ્યોને વિવિધ રૂપે ચીતરે છે. સંમોહન વિદ્યા જાણનારાઓ પણ માણસને વિચિત્ર દશ્યો અને ઘટનાઓ બતાવે છે, એને યુક્તિઓ અને જાદુગરી કરીને તમે ધિક્કારો છો, જ્યારે પેલી અનુભૂતિઓને તો તમે દિવ્ય ગણી વખાણો છો. આ ભેદ કેમ ? ખરી રીતે તો બધાં દશ્યો મિથ્યા છે. પછી તે ભલે ઇન્દ્રિયોમાંથી કે મનમાંથી ચોખ્ખા ખ્યાલરૂપે આવતાં હોય ! આ જ વાત સાચી છે.

૫૪. આત્મલક્ષી જ્ઞાન, પોતાને જાણતું જ્ઞાન, જ 'જ્ઞાન' છે. વળી, જ્ઞાતા કર્તા, જ્ઞેય કર્મ અને તે બંનેને જોડનાર 'જ્ઞાન' છે. જ્ઞાન એવો પ્રકાશ છે કે જે જ્ઞાતા અને જ્ઞેયને જોડે છે. ધારો કે ખૂબ અંધારામાં તમે પુસ્તકાલયમાં પુસ્તક શોધવા જાઓ છો. તમે કર્તા અને પુસ્તક કર્મ હાજર હોવા છતાં પ્રકાશ વગર તમે એ શું શોધી શકો છો ? તમને જોડવા માટે પ્રકાશ જરૂરી છે. દરેક અનુભવમાં આ કર્તા અને કર્મ વચ્ચેની કડી એ ચિત્ ચૈતન્ય છે. બધા અનુભવોનું એ અધિકરણ પણ છે અને સાક્ષી પણ છે.

૫૫. માનસિક વિભાવનાના આવર્તન સિવાય ધ્યાન બીજું શું છે ? શબ્દથી શરૂ થઈને આત્માના મૌનમાં વિરમે એ માનસિક જપ છે. ધ્યાન અને મનોનિગ્રહ પરસ્પરાવલંબી છે. ખરી રીતે મનોનિગ્રહ – દખલ કરતા વિચારો સામે સૂક્ષ્મ સાવચેત નજર – ધ્યાનમાં સમાઈ જાય છે. શરૂઆતમાં વાસ્તવિક ધ્યાન કરતાં મનોનિગ્રહના પ્રયત્નો મોટા હોય છે પણ સમય જતાં ધ્યાનનો

વિજય થાય છે અને એ સહજ બની જાય છે.

૫૬. ગાઢ ઊંઘમાં તમે વિચારોથી સંપૂર્ણ મુક્ત હો છો. કારણ કે, 'હું'નો વિચાર ગેરહાજર હોય છે. જાગતાં જ જે ક્ષણે 'હું'નો વિચાર જન્મે છે, ત્યારે બીજા બધા વિચારો એકાએક ફૂટી નીકળે છે. એટલા માટે આ 'હું'ના મુખ્ય વિચારને પકડી પાડવો અને એનો વિચ્છેદ કરવો એ મનુષ્ય માટે સર્વોત્તમ વાત છે, કે જેથી મનુષ્યને ગભરાવતા ખેંચતા બીજા વિચારોને મોકો જ ન મળે.

૫૭. શરીરાત્મભાવ શું છે ? જડ શરીર અને ચૈતન્યનો એ સરવાળો છે. આ બંને પૂર્ણ અસંગ અને અનંત અન્ય ચૈતન્યમાં જ હોવા જોઈએ. શરીરાત્મભાવ સાથે કે તે વિના પણ તે શાશ્વત જ રહે છે. જે વિશુદ્ધ ચેતનાને વળગી રહે છે, તેને શરીરાત્મભાવ હોય કે ન હોય એનું શું મૂલ્ય છે? પરમના જ્ઞાનમાં એથી કશો ફરક પડતો નથી.

૫૮. રેલવેમાં મુસાફરી કરતી વખતે તમારે તમારો સામાન માથા પર શા માટે ઊંચકવો જોઈએ ? ભાર તમારા માથા પર હોય કે રેલવેના પાટિયા પર હોય; તે તો તેને ખેંચી જ જવાની છે, તમે માથા પર ભાર મૂકીને ટ્રેનનો ભાર હળવો કરતા નથી પણ કેવળ બિનજરૂરી રીતે પરિશ્રમ ઉઠાવો છો. એવી જ રીતે દુનિયાના તમારા કર્તાપણાની બુદ્ધિનું પણ એ જ પરિણામ છે.

૫૯. રામનામના મહત્ત્વ સંબંધ 'રા' આત્મા માટે અને 'મ' અહંકાર માટે રહેલ છે. જ્યારે કોઈ રામનામનું રટણ કરે છે, ત્યારે 'મ' એ 'રા'માં ભળી જઈ અદૃશ્ય થઈ જાય છે. અને 'રા' જ બાકી રહી જાય છે. આ સ્થિતિમાં ધ્યાનનો સભાન પ્રયત્ન હોતો નથી. છતાં 'ધ્યાન' હોય છે કારણ કે, ધ્યાન એ

આપણો સહજ સ્વભાવ છે.

૬૦. તમે ભૂતકાળ જાણવા માગો છો. તમે શું હતા અને ભવિષ્યમાં તમે શું થવાના છો તે પણ ! તમે વર્તમાનને અને તમારી અત્યારની હસ્તીને જાણતા નથી. ગઈ કાલ અને આવતી કાલની તો કેવળ આજના સંદર્ભમાં જ હસ્તી છે. પોતાના સમયે તો ગઈકાલ પણ 'આજ' હતી અને આવતી કાલને પણ તમે આવતી કાલે 'આજ' કહેશો. 'આજ' તો હંમેશાં હાજર હોય છે. જે હંમેશાં હાજર હોય તેની હસ્તી જ વિશુદ્ધ છે. એને ભૂત-ભવિષ્ય નથી. તો પછી વર્તમાનના અને સદા ઉપસ્થિત અસ્તિત્વની શોધ કરવા શા માટે પ્રયત્ન ન કરવો ?

૬૧. જીવનમુક્તિ અને વિદેહમુક્તિમાં ફરક નથી. તે વિશે પૂછનારને કહેવામાં આવે છે કે, શરીર સાથેનો જ્ઞાની 'જીવનમુક્ત' છે અને જ્યારે તે શરીર છોડી દે છે, ત્યારે વિદેહમુક્ત બને છે. પણ આ ભેદ કેવળ ઉપરછલ્લો છે. જ્ઞાની માટે એ નથી. શરીર સાથે કે શરીર છોડ્યા પછી પણ એની સ્થિતિ તો એકસરખી જ રહે છે. આપણે જ્ઞાનીને મનુષ્યરૂપે અથવા તે આકારે જોઈએ છીએ પણ જ્ઞાની તો પોતાને આત્મા જ માને છે. કોઈ રૂપ-આકારના બંધનરહિત બહાર-ભીતર બંને સ્થળે વિલસતું પરમ સત્ એ જ આત્મા છે.

૬૨. મુક્તિ કે સાક્ષાત્કારને કોઈ પગથિયાં નથી. જ્ઞાનને ઊંચીનીચી કોઈ કક્ષા નથી. તેથી શરીર સાથે જ્ઞાનની એક કક્ષા અને શરીરત્યાગ પછી અમુક કક્ષા એમ બની શકે નહીં. જ્ઞાની જાણે કે, આત્મા સિવાય કશાની હસ્તી નથી. આવા મનુષ્ય માટે શરીરની હાજરી કે ગેરહાજરી હોય તોય શો ફરક પડવાનો ?

૬૩. સાક્ષાત્કાર વિશે બોલવું અયોગ્ય છે. સાક્ષાત્કાર કરવા યોગ્ય શું છે ? 'સત્' તો સદા એકસરખું જ છે. એનું 'સત્-પણું' વળી શું સાબિત કરવાનું છે ? જે કંઈ કરવા યોગ્ય છે તે આ છે કે, આપણે 'અસત્'નું 'સત્પણું' અનુભવ્યું છે ! મિથ્યાને સાચું જાણ્યું છે ! આ વલણ છોડી દેવું જોઈએ. જ્ઞાનપ્રાપ્તિ માટે બસ આટલું જ કરવાની જરૂર છે.

૬૪. અસ્તિત્વ કે ચૈતન્ય જ પરમાર્થ સત્ છે. ચૈતન્ય અને જાગૃતિના સરવાળાને આપણે જાગૃતિ કહીએ છીએ. ચૈતન્ય અને સ્વપ્નના સરવાળાને સ્વપ્ન કહીએ છીએ. એ જ રીતે ચૈતન્ય અને સુષુપ્તિ મળી સુષુપ્તિ કહેવાય. ચૈતન્યરૂપી પડદા પર બધાં ચિત્રો આવે છે અને જાય છે. પડદો સાચો છે અને ચિત્રો તો કેવળ તેના ઉપરના પડછાયા છે. લાંબી ટેવને કારણે આ ત્રણેય અવસ્થાઓને આપણે સાચી માની બેઠા છીએ. ચૈતન્ય કે કેવળ જ્ઞાનની અવસ્થાને ચોથી અવસ્થા કહીએ છીએ. ખરી રીતે એ ચોથી અવસ્થા નથી, એ એક જ અવસ્થા છે.

૬૫. કહેવાય છે કે આખું વેદાન્ત ચાર શબ્દોમાં સમાઈ જાય છે. देहम्, नाहम्, कोऽहम् અને सोऽहम्. એમાં देहम् અને नाहम् છે એટલે કે ''હું દેહ નથી'' મનુષ્ય જો कोऽहम् હું કોણ ?ની શોધ કરે - આ 'હું' ક્યાંથી ઊગ્યો છે એની શોધ કરે અને એનો સાક્ષાત્કાર કરે ત્યારે એવા મનુષ્યના હૃદયમાં સર્વશક્તિમાન ઈશ્વર 'હું' સ્વરૂપે પ્રકાશી ઊઠશે. - स-अहम् - તે હું છું - (सोऽहम्) એ રીતે પછી એને મનુષ્ય અનુભવશે.

૬૬. ગાઢ નિદ્રામાં જે આનંદ અભાનપણે અનુભવાય છે તે આનંદ તુર્યાવસ્થામાં સભાનપણે અનુભવાય છે. બંનેનો આ ભેદ

છે. જાગ્રત અવસ્થામાં અનુભવાતો આનંદ 'ઉપાધિ આનંદ' છે. પણ આનંદો જુદા જુદા હોતા નથી. જાગ્રત અવસ્થામાં માણેલા આનંદ સહિત આનંદ તો એક જ છે. નાનામાં નાના જંતુના આનંદથી માંડીને પરમોચ્ચ બ્રહ્માનંદ-આત્માનંદ સુધીનો આનંદ એક જ છે.

૬૭. કહેવાય છે કે ''પોતાને પિછાણ'' એ પણ સાચું નથી. કારણ કે જો આપણે 'પોતાને' ઓળખવાની વાત કરતા હોઈએ, તો બીજો આત્મા પણ હોવો જોઈએ. એક જ્ઞાતા આત્મા અને બીજો જ્ઞેય આત્મા. સાથોસાથ જ્ઞાનની પ્રક્રિયા પણ હોવી જોઈએ. સાક્ષાત્કારની ભૂમિકા તો કેવળ અદ્વૈતની છે. એમાં કશું ચણવાપણું કે થવાપણું રહેતું નથી. જો કોઈને સાક્ષાત્કાર થયો હોય તો તે એકલો-અદ્વિતીય-જ છે અને સદૈવ એકલો-અનન્ય-અદ્વૈત હતો જ !

૬૮. 'હું છું' એ જ કેવળ શાશ્વત સ્વસાક્ષિક અનુભવ બધાને છે. 'હું છું' જેવો પ્રત્યક્ષ બીજો કોઈ અનુભવ નથી. ઇન્દ્રિયજન્ય અનુભવને લોકો આત્મસાક્ષિક સમજે છે પણ 'આત્મસાક્ષિકતા'થી એ ખૂબ જુદો છે. કેવળ આત્મા - પોતે - જ એવો છે, 'પ્રત્યક્ષ' એ આત્માનું બીજું નામ છે. એટલે આત્મપૃથક્કરણ કરવું અને 'હું છું' થવું એ જ કર્તવ્ય છે. 'હું છું' એ જ પારમાર્થિકતા છે. ''હું આ છું અને હું તે છું'' - એ મિથ્યા છે.

૬૯. ''अहं ब्रह्मास्मि - હું બ્રહ્મ છું'' એ ઉપનિષદવાક્યનો અર્થ કેવળ ''હું તરીકે બ્રહ્મનું અસ્તિત્વ છે'' એ જ થાય છે; નહીં કે ''હું બ્રહ્મ છું''. એ ઉપનિષદવાક્ય દ્વારા માણસને 'હું

બ્રહ્મ છું - એવી ધારણા કરવાની સલાહ આપી છે, એવું માનવાનું નથી. માણસ 'હું માણસ છું' એવું ચિંતન કર્યા કરે છે ખરો ?' એ માણસ તો છે જ અને પોતામાં પોતે માણસ છે કે પ્રાણી છે કે ઝાડ છે એવો સંદેહ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી 'હું માણસ છું !' એવી ધારણા કે ચિંતન કરવાની જરૂર નથી. એ જ રીતે આત્મા તો આત્મા જ છે એવી રીતે દરેક પ્રાણીમાં અને દરેક વસ્તુમાં 'હું છું' એ રીતે બ્રહ્મ અસ્તિત્વ ધરાવે છે.

૭૦. 'અધમ, મધ્યમ અને ઉત્તમ' એવા ત્રણ પ્રકારના સામાન્ય માણસો તમારે થવું ન જોઈએ. તમારે પુરુષોત્તમ થવું એ વાત સ્વીકૃત છે. આ સ્થિતિ હાંસલ કરીને તમે પોતે જુઓ કે એ સ્થિતિ કેવી છે ? એમાં કશી વૃત્તિ તો રહી નથી ને ? આપણે જેની કેટલીક વાર વાત કરીએ છીએ તે બ્રહ્માકાર વૃત્તિ પણ બરાબર નથી. સાગરમાં મળેલી નદીને સાગરાકાર નદી કહીએ તેવી રીતે જ આ અંતિમ આધ્યાત્મિક વિકાસને બ્રહ્માકાર વૃત્તિ કહીએ છીએ.

૭૧. અદ્વૈતવાદીઓ અને શાંકરમત જગતની હસ્તીને સ્વીકારતા નથી, કે જગતને અસત્ માને છે એમ કહેવું જરાય સાચું નથી. ખરી રીતે તો એક રીતે બીજાઓ કરતાં તેઓ જગતને વધારે સત્ માને છે. તેમનું જગત તો અનાદિ-અનંત છે, જ્યારે અન્ય મતવાદીઓનું જગત તો કારણવાળું, વિકાસવાળું અને વિનાશી છે. અને આમ હોવાથી તે 'સત્' ઠરી ન શકે. અદ્વૈતવાદીઓ તો ફક્ત આટલું જ કહે છે કે જગત જગત તરીકે સાચું નથી. પણ બ્રહ્મ તરીકે સાચું છે. બધું જ બ્રહ્મ છે, બ્રહ્મ સિવાય કશાની હસ્તી નથી. અને બ્રહ્મ તરીકે જગત સાચું-

સત્ - છે. શંકર કહે છે, માયાની હસ્તી નથી. જે માયાનું અસ્તિત્વ ન સ્વીકારે અને એને મિથ્યા કહે - અસ્તિત્વશૂન્ય કહે તે માયાવાદી ન કહેવાય.

૭૨. મન અને આત્મામાં આમ કશો ભેદ નથી. મન જ્યારે ભીતર વળી જાય છે ત્યારે તે આત્મા છે અને બહાર વળે છે ત્યારે તે અહંકાર છે અને સંસારરૂપ થાય છે. રૂમાંથી જુદાં જુદાં કાપડ બને છે અને આપણે એને ભાત ભાતનાં નામ આપીએ છીએ. એકમાત્ર જ સત્ છે. અલગ અલગ તો ખાલી નામો અને રૂપો છે પણ આત્મા સિવાયનું મનનું અસ્તિત્વ નથી - એને પોતાની સ્વતંત્ર સત્તા નથી. આત્મા મન વગર રહી શકે છે જ્યારે મન આત્મા વગર કદીય રહી શકતું નથી.

૭૩. ફિલ્મના ખેલમાં પડદા પરનું ચિત્ર આખી દુનિયા દેખાડતું હોય છે. એમાં વિષય અને વિષયી(કર્તાકર્મ)ની સચ્ચાઈ કેટલી ? આભાસી વિષય - કર્તા, આભાસી વિષય - કર્મને પકડે છે ! તમે અને આ દુનિયા એ ફિલ્મના ચિત્ર અને ફિલ્મના જગત જેટલાં જ સાચાં છો !

૭૪. ભ્રમ પોતે જ ભ્રમાત્મક છે. ભ્રમથી ઉપર ઊઠેલાને ભ્રમનું સ્વરૂપ સમજાય છે. આવો ભ્રમાતીત પુરુષ શું ભ્રમનો વિષય બની શકે ખરો ? પછી શું તે ભ્રમની કક્ષાઓ વિશે પણ બોલવાનો હતો કે ? ફિલ્મના ખેલમાં પડદા પર દશ્યો તરે છે. મોટાં મોટાં મકાનોને ભસ્મીભૂત કરતી આગ દેખાય છે. વહાણોનો ભૂકો કરતાં જળ દેખાય છે. પણ જે પડદા પર તે ચિત્રો પ્રતિભાસિત થતાં હોય છે તે તો અકબંધ અને સૂકાંભઠ જ રહે છે. એમ કેમ ? કારણ કે ચિત્રો મિથ્યા હતાં અને પડદો સત્

હતો. વળી, અરીસામાંથી અનેક પ્રતિબિંબો પસાર થાય છે. પણ આ પ્રતિબિંબોની કક્ષા કે જથ્થાની અરીસા ઉપર જરાય અસર થતી નથી. એ જ રીતે એક પરમાર્થ તત્ત્વમાં અનેક ઘટનાઓરૂપ આ સૃષ્ટિ છે અને એ પરમાર્થ તત્ત્વ પર એની કોઈ જાતની અસર પડતી નથી. પરમાર્થ સત્ કેવળ એક જ છે.

૭૫. તમે ભગવાન શિવનાં દર્શનની વાત કરો છો. દર્શન હંમેશાં વિષયનું થાય છે. એટલે એનો વિષયી પણ હોય જ. દ્રષ્ટાના મૂલ્ય જેટલું જ દશ્યનું મૂલ્ય છે, એટલે કે દ્રષ્ટા અને દશ્ય બંનેની સત્તાકક્ષાં એકસરખી જ હોય છે. દશ્ય હોય તો અદશ્ય પણ હોય છે. જે દેખાય છે તે વણદેખ્યું પણ બને જ. કોઈ દશ્ય શાશ્વત નથી. પણ ભગવાન શિવ તો શાશ્વત છે.

૭૬. દશ્યને દ્રષ્ટાની અપેક્ષા છે જ. દ્રષ્ટા પોતાનો ઈન્કાર કરી શકે નહીં. પોતે કે ચૈતન્ય ગેરહાજર હોય એવી એક પણ ક્ષણ નથી. અથવા દ્રષ્ટા ચૈતન્ય વગર રહી શકતો નથી. આ ચૈતન્ય એ અમર અસ્તિત્વ છે, એ કેવળ એક છે. દ્રષ્ટા પોતાને પોતાની આંખો વડે પ્રત્યક્ષ જોઈ શકતો નથી, એટલા જ માટે શું તે પોતાનો ઈન્કાર કરી શકે ખરો ? નહીં જ, એટલે પ્રત્યક્ષનો અર્થ 'જોવું' નહીં પણ 'હોવું' થાય છે.

૭૭. ધ્યાન શું છે ? એમાં વિચારોનું નિર્વાસિન સમાઈ જાય છે. વર્તમાન બધી મુસીબતો વિચારોને કારણે છે. મુસીબતો પોતે જ વિચારો છે. વિચારો છોડો. એ જ ધ્યાન અને એ જ સુખ છે. વિચાર કરનાર માટે વિચારો છે. વિચાર કરનારના આત્મા તરીકે રહો તો વિચારોનો અંત આવી જશે.

૭૮. બીજાનું ખોટું જોવું એ પોતાનું જ ખોટું છે.

સાચાખોટાનો ભેદ પાપનું મૂળ છે. માણસનું પોતાનું પાપ બહાર પ્રતિબિંબિત થાય છે અને વ્યક્તિ અજ્ઞાનમાં એ બીજા ઉપર પરાણે લાદે છે. આવો ભેદ ઊભો ન થાય એવી સ્થિતિમાં પહોંચવું એ જ સર્વોત્તમ માર્ગ છે. તમારી ઊંઘમાં તમે સારું-નરસું પારખો છો ખરા ? શું ઊંઘમાં તમારી હસ્તી ન હતી ? જાગ્રત અવસ્થામાં પણ એ રીતે ઊંઘતા રહો. કેવળ આત્મસ્થિત રહીને ચારે બાજુ જે ચાલી રહ્યું છે તેનાથી અસ્પૃષ્ટ રહો. તમારા શબ્દો અને કાર્યો કરતાં મૌન વધુ અસરકારક નીવડશે. એ ઈચ્છાશક્તિનો વિકાસ છે. ત્યારે દુનિયા સ્વર્ગરાજ્ય બનશે. એ તમારી ભીતર જ છે.

૭૯. સાક્ષાત્કાર શું છે ? શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ ભગવાન નીરખવા એ સાક્ષાત્કાર છે ? અને જો ઈશ્વર પણ એ રૂપે દેખાતા હોય, તો શિષ્યનું અજ્ઞાન દૂર કેવી રીતે થયું ? એ દૃશ્ય તો દુન્યવી - ઘટનામય - અને ભ્રમાત્મક છે. એ બધા અનુભવો ઊતરતી કક્ષાના અને પ્રત્યક્ષેતર જ્ઞાનના છે. શાશ્વત સાક્ષાત્કાર જ પારમાર્થિક અનુભવ છે. એમાં દ્રષ્ટા જ હોય છે. આપણા અત્યારના શરીરમાં અભાસિત 'હું' એટલો બધો ઊંડો મૂળ ઘાલી બેઠો છે કે, આંખો સમક્ષ થતા દૃશ્યને આપણે પ્રત્યક્ષ માનીએ છીએ. પણ દ્રષ્ટાને પોતાને એવો માનતા નથી. દ્રષ્ટા જ પારમાર્થિક અને અવિનાશી છે. આત્મસ્થ રહીને આત્મભૂત થઈને પછી પોતાને ન જોવો એનું નામ જ સાક્ષાત્કાર.

૮૦. તમે મન દ્વારા મનને નહીં શોધી શકો એના અનસ્તિત્વને શોધવા માટે એની પર ચાલ્યા જાઓ. મન, અહંકાર, બુદ્ધિ - એ બધાં એકમાત્ર ભીતરના અંતઃકરણનાં

વિભિન્ન નામો છે. મન વિચારોનો સરવાળો જ છે. વિચારો અહંકાર વગર ટકી શકતા નથી. એટલે બધા વિચારો અહંકારથી વ્યાપ્ત છે. 'અહં' ક્યાંથી ઊઠે છે તે તપાસો, એટલે અન્ય વિચારો અદૃશ્ય થઈ જશે.

૮૧. જ્ઞાની કોઈને અજ્ઞાની તરીકે જોતો નથી. એની નજરે બધા જ જ્ઞાની છે. અજ્ઞાનાવસ્થામાં માણસ જ્ઞાની પર પોતાનું અજ્ઞાન પરાણે ઓઢાડી દે છે. અને એને કર્તા માને છે. જ્ઞાનાવસ્થામાં જ્ઞાની આત્મા વગર અન્ય કશું જોતો નથી. આત્મા જ સર્વ પ્રકાશક અને વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. બે મિત્રો પાસે પાસે ઊંઘી ગયા. તેમાંના એકને સ્વપ્નું આવ્યું કે, તેઓ બંને લાંબી મુસાફરીએ ગયા છે અને ત્યાં વિચિત્ર અનુભવો કર્યા છે. જાગ્યા પછી એ યાદ કરીને મિત્રને પૂછ્યું કે, ''એવું થયું હતું કે નહીં ?'' બીજાએ તેનો ઉપહાસ કરીને કહ્યું કે, ''એ તો ખાલી તેનું સ્વપ્ન હતું અને એની અસર મને થઈ નથી.'' એટલે જે પોતાના ભ્રામક વિચારો બીજા પર પરાણે લાદે છે તેવા અજ્ઞાની માટે જ એ છે.

૮૨. જ્ઞાનચક્ષુનો અર્થ બીજા ઈન્દ્રિયાવયવો જેવો જ્ઞાનેન્દ્રિયનો અવયવ નથી. 'ज्ञानमेव चक्षुः ।' ટેલિવિઝન વગેરે જ્ઞાનચક્ષુનાં કાર્યો નથી; જ્યાં સુધી વિષય અને વિષયીના ભેદ છે ત્યાં સુધી તો 'સાપેક્ષ જ્ઞાન' જ છે. 'જ્ઞાન' તો સાપેક્ષ જ્ઞાનથી પર છે. એ પૂર્ણ છે.

૮૩. શિષ્યો પાસે આવતા ત્યારે દક્ષિણામૂર્તિ મૌન રાખતા. દીક્ષાનું એ શ્રેષ્ઠ સ્વરૂપ છે. બીજાં દીક્ષારૂપોને એ પોતામાં સમાવે છે. બીજી દીક્ષાઓમાં તો વિષય-વિષયીનો સંબંધ

સ્થપાયેલો હોય છે. પહેલાં વિષયી ઉદ્ભવે છે અને પછી વિષય જન્મે છે. જો આ બે જ હોય, તો કોઈ એકબીજાને જોઈ કે સ્પર્શી કેમ શકે ? મૌન સર્વ સંપૂર્ણ દીક્ષા છે. દર્શન, સ્પર્શ અને ઉપદેશ એમાં સમાઈ જાય છે. એ વ્યક્તિને દરેક રીતે વિશુદ્ધ કહી દેશે. અને પરમ 'સત્'માં સ્થાપિત કરી દેશે.

૮૪. મૌન સાચો ઉપદેશ છે. સંપૂર્ણ ઉપદેશ છે. ખૂબ આગળ વધેલા સાધક-દ્રષ્ટા માટે જ એ બંધબેસતો છે. બીજા એમાંથી પૂરી પ્રેરણા પામવા અસમર્થ છે. એટલા માટે એમને સત્ય સમજાવવા શબ્દોની જરૂર પડે છે; પણ સત્ય શબ્દોથી પર છે. એને સ્પષ્ટ કરવાની જરૂર નથી. એને માટે વધારેમાં વધારે શક્ય એ છે કે એને દર્શાવી દેવું.

૮૫. મનનું સાકારપણું કે નિરાકારપણું શું છે ? તમે ઊંઘમાંથી ઊઠો છો ત્યારે પ્રકાશ દેખાય છે. એ પ્રકાશ મહત્ તત્ત્વમાંથી પસાર થતા આત્માનો છે. એ વૈશ્વિક ચૈતન્ય કહેવાય. એ અરૂપ છે. એ પ્રકાશ 'અહં' પર પડીને પ્રતિબિંબિત થાય છે. ત્યારે શરીર અને શબ્દો જોવાય છે. આવું મન 'સરૂપ' કહેવાય. આ પ્રતિબિંબિત ચૈતન્યના પ્રકાશમાં વિષયો દેખાય છે. આ પ્રકાશ 'જ્યોતિ' કહેવાય છે.

૮૬. આત્મસાક્ષાત્કાર શું છે ? તમે 'આત્મા' છો અને આત્મા 'સાક્ષાત્' પણ છે જ પછી એમાં એના 'કાર' સિદ્ધિનો સવાલ જ ક્યાં છે ? આ પ્રશ્ન સૂચવે છે કે તમે પોતાને અનાત્મા માનો છો. અથવા તો તમે બે આત્મા માનો છો જેમાં એકનો સાક્ષાત્કાર બીજો કરે છે ! આ સ્પષ્ટ ધૂંધળી વાત છે.

૮૭. માણસ ગમે તે અવસ્થામાં હોય, એમાં એને અનુભવો

તો થવાના જ. જાગ્રત અવસ્થામાં સ્થૂળ શરીર સ્થૂળ નામરૂપોને અનુભવે છે. સ્વપ્નાવસ્થામાં માનસ શરીર માનસસૃષ્ટિને એનાં વિવિધ નામરૂપોમાં અનુભવે છે. સુષુપ્તિ અવસ્થામાં શરીરાત્મભાવ ચાલ્યો જવાથી કશા અનુભવો થતા નથી. આ જ પ્રમાણે ઉચ્ચતમ અવસ્થામાં બ્રહ્માત્મભાવ, દરેક વસ્તુ સાથે માણસની સંવાદિતા – એકાત્મતા સાધે છે, પછી આત્મા સિવાય કશું રહેતું નથી.

૮૮. જલાભેદ્ય આવરણથી મઢી હોવા છતાંય મીઠાની પૂતળી સાગરમાં ડુબાડીએ તો ટકતી નથી ! શરીર એ જલાભેદ્ય આવરણ છે. તમે તમારા પોતાના આત્માને ભૂલી જવાથી વિષયો જુઓ છો. જો તમે તમારા આત્માને ધારણા કરી રહો, તો તમને વિષયરૂપ સૃષ્ટિ દેખાશે નહીં.

૮૯. એક રીતે જ્ઞાની અને બાળક સરખો છે. કોઈ બનાવ બની રહે ત્યાં સુધી જ બાળકને એમાં રસ રહે છે. તે બની ગયા પછી બાળક એ વિશે વિચારતો નથી. આથી સ્પષ્ટ થાય છે કે બાળકો એના કશા સંસ્કારો પોતાના મનમાં રાખતાં નથી. બાળકો પર એની કશી માનસિક અસર થતી નથી. ઋષિ માટે પણ આવું જ હોય છે.

૯૦. કેટલાક વ્યાઘ્રચર્મ, ઊન, મૃગચર્મ વગેરે મિલકતો અને એનાં પરિણામોવાળા છે. તેઓ યોગશાસ્ત્રના ગ્રંથોમાં એનો સંબંધ બતાવે છે. તેની ચુંબકીય અસરો વિશે વાતો કરે છે. પણ જ્ઞાનમાર્ગ માટે એ બધું નગણ્ય છે. આસનનો ખરો અર્થ આત્માની સ્થિરતા અને કેન્દ્રીભૂતતા છે. એ આંતરિક છે. કેટલાક એને બાહ્ય સ્થિતિ સમજે છે.

૯૧. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં જીવવું. સાચો બ્રહ્મચારી બ્રહ્મમાં જીવે છે. બ્રહ્મમાં આનંદ પામે છે. – બ્રહ્મ આત્મા જ છે. તો પછી તમે આનંદનાં બીજાં મૂળ શા માટે શોધો છો ? બ્રહ્મચર્ય (સ્ત્રીસંગત્યાગ) આત્મસાક્ષાત્કારનાં અન્ય સહાયક સાધનોમાંનું એક સહાયક સાધન અવશ્ય છે.

૯૨. આત્મસાક્ષાત્કાર તો માનવતા માટેની સર્વશ્રેષ્ઠ સહાય છે. એટલા માટે, જંગલમાં રહેતા હોવા છતાં સંતો સહાયક ગણાય છે. એ સહાય જોઈ શકાતી ન હોવા છતાં અવશ્ય છે જ. સંત સમગ્ર માનવતાને સહાય કરે છે. પણ માનવજાતને એની ખબર પડતી નથી.

૯૩. વિશુદ્ધ ચૈતન્ય અવિભાજ્ય છે. એને વિભાગો નથી, એને રૂપ નથી, આકાર નથી, એને કશું બાહ્ય નથી, કશું ભીતર નથી; એને માટે જમણું નથી, ડાબું નથી, વિશુદ્ધ ચૈતન્ય સર્વને પોતામાં સમાવતું હૃદયસ્થાનીય છે. એનાથી બહાર કશું નથી. એ પરમાર્થ સત્ છે.

૯૪. મનની પેલી પાર હોઈને ભૌતિક શરીર સાથે તદ્દન અસંબંધ એવું વિશુદ્ધ ચૈતન્ય સાક્ષાત્ અનુભૂતિની બાબત છે. જેમ સામાન્ય જનો એનું શારીરિક અસ્તિત્વ માને છે, તેમ ઋષિઓ એનું અશરીરી અને અમર અસ્તિત્વ માને છે. પણ શારીરિક સભાનતા સાથે કે તે વિના પણ એ અનુભવ વિશુદ્ધ ચૈતન્યનો જ છે. વિશુદ્ધ ચૈતન્યના અશરીરી અનુભવથી ઋષિ સ્થળ અને કાળથી પર જાય છે ત્યારે હૃદયના સ્થાન વિશે કોઈ પ્રશ્ન ઉદ્ભવતો જ નથી.

---

# સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

**ISBN 81-7229-237-6 (set)**